

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 39 । AD - 2026, Aso sud-00 । Sunday, Dt. 08-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

ભારતીય વાયુસેનાએ નવો ઈતિહાસ રચી ક્ષમતાનું પ્રદર્શન કર્યું


લદ્દાખના ન્યોમા એરફિલ્ડ પર ૧૩,૬૨૯ ફૂટની ઊંચાઈએ વિમાનનું સફળ ઉતરાણ

નવી દિલ્હી,તા.૦૭

ભારતીય વાયુસેનાએ પોતાની કાર્યક્ષમતા અને અસાધારણ ક્ષમતાનું પ્રદર્શન કરીને વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. પૂર્વ લદ્દાખના ન્યોમા હવાઈ મથક પર વિશાળ પરિવહન વિમાનનું સફળતાપૂર્વક ઉતરાણ કરાવીને વાયુસેનાએ નવો વિક્રમ સ્થાપ્યો છે. આશરે ૧૩,૬૨૯ ફૂટની ઊંચાઈએ આવેલા આ હવાઈ મથક પર ભારે પરિવહન વિમાન ઉતારવાની સફળતા ભારતીય વાયુસેનાની વધતી ક્ષમતાનો પુરાવો છે.ભારતીય વાયુસેનાના ભારે પરિવહન વિમાન આઈએલ-૭૬એ ન્યોમા હવાઈ મથક પર સફળતાપૂર્વક ઉતરાણ કર્યું હતું. આ સિદ્ધિથી અત્યંત ઊંચાઈ ધરાવતા વિસ્તારોમાં હવાઈ કામગીરી કરવાની વાયુસેનાની ક્ષમતામાં નવો



અધ્યાય ઉમેરાયો છે. હિમાલયના દુર્ગમ વિસ્તારોમાં આવેલા હવાઈ મથકો પર વિમાનોનું સંચાલન કરવું અત્યંત પડકારજનક હોય છે. ઓછી હવા, બદલાતી હવામાન પરિસ્થિતિઓ અને ઊંચાઈને કારણે વિમાનોના ઉતરાણ તથા ઉડાન માટે વિશેષ કુશળતાની જરૂર પડે છે.આ સફળતા ભારતીય વાયુસેનાના પરિવહન કાફલાની કાર્યક્ષમતાને નવી ઊંચાઈએ લઈ જનાર સાબિત થશે. ખાસ કરીને પૂર્વ લદ્દાખ જેવા વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ સરહદી વિસ્તારોમાં સૈન્ય દળો, સાધનો અને જરૂરી સામગ્રીની હેરફેર વધુ અસરકારક બનાવવામાં મદદ મળશે.ન્યોમા ખાતેની આ ઐતિહાસિક કામગીરીથી ભારતીય વાયુસેનાએ વિશ્વ સમક્ષ પોતાની તકનીકી કુશળતા, પાયલટોની ક્ષમતા અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં કામગીરી કરવાની તાકાતનું પ્રદર્શન કર્યું છે. આવી સિદ્ધિઓ દેશની સરહદી સુરક્ષા અને લશ્કરી તૈયારીઓને વધુ મજબૂત બનાવવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે.











જિલ્લામાં વન્યપ્રાણીઓનો આતંક યથાવત

અમરેલીના સણોસરા-મોટા ભંડારિયા વચ્ચે દીપડાએ બાળકને ફાડી ખાધો

અમરેલી,તા.૦૭



અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓનો આતંક દિવસેને દિવસે વધી રહ્યો છે. સિંહ અને દીપડાના વારંવાર થતા હુમલાઓને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ભય અને ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ખેતરોમાં કામ કરતા ખેડૂતો, ખેતમજૂરો અને તેમનાં બાળકોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. વન્યપ્રાણીઓ દ્વારા માનવજીવ પર હુમલાની ઘટનાઓ વારંવાર બનતી હોવા છતાં આવા હુમલાઓ અટકાવવામાં વનવિભાગની કામગીરી સામે લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. ત્યારે અમરેલી જિલ્લાના સણોસરા અને મોટા ભંડારિયા ગામ વચ્ચે દીપડાએ સાત વર્ષના માસૂમ બાળક પર હુમલો કરી તેને ફાડી ખાધાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ધોળા દિવસે બનેલી આ ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર સણોસરા ગામના સીમ વિસ્તારમાં જીતુ સોમલાભાઈ માંજરિયાના ખેતરમાં ૨૦ થી વધુ ખેતમજૂરો કપાસ વીણવાની કામગીરી કરી રહ્યા હતા. આ દરમિયાન મજૂરો સાથે રહેલાં બે બાળકો પાણી પીવા માટે ગયા હતા. ત્યારે અચાનક દીપડો ત્યાં આવી ચઢ્યો હતો અને બંને બાળકો પૈકી એક બાળક પર જીવલેણ હુમલો કર્યો હતો. દીપડાએ બાળકને પોતાના સકંજામાં લઈ હુમલો કરતાં અન્ય બાળક આ ભયાનક દૃશ્ય જોઈ ગભરાઈ ગયો હતો અને જીવ બચાવવા ત્યાંથી ભાગી ગયો હતો. બીજી તરફ, દીપડાના હુમલાને કારણે ખેતરમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.દીપડાના હુમલા બાદ બાળકનો અવાજ સંભળાતાં ખેતરમાં કામ કરી રહેલા મજૂરો અને આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જોકે, ત્યાં સુધીમાં દીપડો બાળકને ખેંચીને લઈ ગયો હતો. લોકોએ આસપાસના વિસ્તારમાં શોધખોળ શરૂ કરી હતી. આશરે ૩૦ મિનિટથી વધુ સમય સુધી ચાલેલી શોધખોળ બાદ બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. દીપડાનો હુમલો એટલો ભયાનક હતો કે બાળકના માથા અને પેટના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. તેના પેટના ભાગે દીપડાના દાંતનાં નિશાન પણ જોવા મળ્યાં હતાં.

આ હુમલામાં સાત વર્ષના માસૂમ સાહિલ કલાસવાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. નાનકડા બાળકનું મોત થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. પરિવારજનોના હૈયાફાટ રુદનથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.દિવાળીના તહેવાર દરમિયાન બનેલી આ કરુણ ઘટનાએ આસપાસનાં ગામોમાં પણ ભયનો માહોલ ઊભો કર્યો છે. ખેતરોમાં કપાસ વીણવાની અને અન્ય ખેતીકામની કામગીરી કરતા ખેડૂતો તથા ખેતમજૂરોમાં ફફડાટ ફેલાયો છે. ખાસ કરીને નાના બાળકોને ખેતરોમાં સાથે લઈ જતાં પરિવારોમાં ચિંતા વધી છે. હવે દીપડાના ભયને કારણે લોકો દિવસના સમયે પણ ખેતરે જતાં ખચકાઈ રહ્યા છે.ઘટનાની જાણ થતાં વનવિભાગ અને પોલીસની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. મોટી સંખ્યામાં ગ્રામજનો પણ એકઠા થઈ ગયા હતા. વનવિભાગ દ્વારા દીપડાને શોધી પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે. આસપાસના વિસ્તારમાં સર્ચ અને સ્કેનિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. દીપડાની હિલચાલ પર નજર રાખવા તેમજ તેને ઝડપી પાડવા માટે વનકર્મીઓ દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. શેત્રુંજી ડિવિઝનના એ.સી.એફ. રાજન જાદવે જણાવ્યું હતું કે, સણોસરા ગામમાં સવારે આશરે પોણા નવ વાગ્યાના સમયે ખેતમજૂરો કપાસ વીણવાની કામગીરી કરી રહ્યા હતા. તેમની સાથે બાળકો પણ હાજર હતાં. આ દરમિયાન એક બાળક પર દીપડાએ હુમલો કર્યો હતો, જેમાં બાળકનું મોત નીપજ્યું છે. ઘટનાની જાણ થતાં જ વનવિભાગની ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી અને હાલ દીપડાને શોધવા સહિતની તમામ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

૩૦ મિનિટની શોધખોળ બાદ બાળકનો મૃતદેહ મળ્યો; વનવિભાગની કામગીરી સામે ગ્રામજનોમાં રોષ

કાળજાના કટકાની કિંમત માત્ર રૂા.૧૦ લાખ

એક તરફ વન્યપ્રાણીઓના હુમલામાં માસૂમ બાળકોનાં જીવ જઈ રહ્યા છે, તો બીજી તરફ હુમલા બાદ વળતર ચૂકવીને વનવિભાગ પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ જાય છે કે શું તેવો સવાલ પણ લોકોમાં ચર્ચાઈ રહ્યો છે. કાળજાના કટકા સમાન બાળક ગુમાવનાર પરિવાર માટે કોઈપણ આર્થિક વળતર તેની ખોટ પૂરી કરી શકે તેમ નથી. માત્ર ૩.૧૦ લાખનું વળતર આપવાથી પરિવારની પીડા ઓછી થઈ શકતી નથી. વારંવાર આવી ઘટનાઓ બનતી હોવા છતાં કાયમી અને અસરકારક સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવામાં કેમ સફળતા મળતી નથી તેવો પ્રશ્ન પણ ઊઠી રહ્યો છે.

વન્યપ્રાણીઓના હુમલાઓ રોકવામાં વનવિભાગની જવાબદારી સામે સવાલો

અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓના હુમલાની ઘટનાઓ હવે નવી રહી નથી. થોડા મહિના અગાઉ ખાંભા તાલુકાના ચતુરી ગામે પણ દીપડાના હુમલામાં એક બાળકનું કરુણ મોત થયું હતું. આ ઉપરાંત થોડા દિવસો પહેલાં ધારી પંથકમાં એક બાળકી પર દીપડાએ જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના પણ સામે આવી હતી. વારંવાર બનતી આવી ઘટનાઓને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં વસતા લોકોમાં ભયનું વાતાવરણ ઊભું થયું છે. ખેડૂતો અને ખેતમજૂરોને પોતાના ખેતરમાં જવા માટે પણ જીવનું જોખમ અનુભવવું પડી રહ્યું છે.

વનવિભાગ આવી દુર્ઘટનાઓ અટકાવવા કામગીરી કરે તેવી માંગ

અમરેલી જિલ્લાના સિંહ અને દીપડાની અવરજવર ધરાવતા વિસ્તારોમાં ખાસ તકેદારી રાખવી, ખેતમજૂરો અને ખેડૂતોને સાવચેત કરવા, જોખમી વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ કરવું તેમજ હુમલાખોર વન્યપ્રાણીઓને પકડવા માટે અસરકારક કામગીરી કરવી અત્યંત જરૂરી બની છે. હવે વનવિભાગ માત્ર ઘટના બન્યા બાદ શોધખોળ અને કાર્યવાહી કરવાને બદલે આવી દુર્ઘટનાઓ અટકાવવા આગોતરાં પગલાં ભરે તેવી ગ્રામજનોની માંગ ઊઠી રહી છે. માસૂમ બાળકોના જીવ બચાવવા અને ગ્રામ્ય વિસ્તારોમાં લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા વનવિભાગ ક્યારે નક્કર પગલાં લેશે તેવો સવાલ હાલ સમગ્ર જિલ્લામાં ચર્ચાઈ રહ્યો છે.

સમસ્ત લેઉવા પટેલ સમાજનું સ્નેહમિલન ૧૦ નવેમ્બરના રોજ અમરેલીમાં યોજાશે

દિલીપ સંઘાણીના અધ્યક્ષ સ્થાને યોજાનાર આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ

અમરેલી,તા.૦૭

વર્ષોની પરંપરા મુજબ આ વર્ષે પણ સમસ્ત લેઉવા પટેલ સમાજનો સ્નેહમિલન સમારંભ તા. ૧૦/૧૧/૨૦૨૬, મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે લેઉવા પટેલ કન્યા છાત્રાલય, કેરીયા રોડ, અમરેલી ખાતે યોજાશે. સમાજ મોભી અને સંસ્થા પ્રમુખ દિલીપ સંઘાણીના અધ્યક્ષ સ્થાને યોજાનારા આ કાર્યક્રમમાં સમાજના સૌ પરિવારજનોને ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સંસ્થા પ્રમુખ દિલીપ સંઘાણી, લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડી.કે. રૈયાણી તથા અમરેલી જિલ્લા ખોડલધામ સમિતિના કન્વિનર રમેશભાઈ કાથરોટીયાએ સમાજના તમામ પરિવારોને સ્નેહમિલનમાં હાજર રહેવા અનુરોધ કર્યો છે.

જનસંઘ સમયથી પક્ષની વિચારધારા સાથે જોડાયેલા વરિષ્ઠ આગેવાન સાથે

ભાજપના સહ સંગઠન મહામંત્રી અરુણ બિન્નાડીયાની દિનેશભાઈ પોપટના નિવાસસ્થાને મુલાકાત

અમરેલી,તા.૦૭



ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના સહ સંગઠન મહામંત્રી અરુણ બિન્નાડીયાએ અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ અને જનસંઘ સમયથી પક્ષની વિચારધારા સાથે જોડાયેલા વરિષ્ઠ આગેવાન દિનેશભાઈ પોપટના નિવાસસ્થાને આત્મીય મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન પોપટ પરિવાર સાથે તેમણે આનંદની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે રાજ્યમંત્રી અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, શરદભાઈ લાખાણી, પ્રભારી અભયસિંહ ચૌહાણ, મહામંત્રી મયુરભાઈ માંજરિયા અને મેહુલભાઈ ધોરાજીયા ઉપસ્થિત રહ્યા હતા. તમામ આગેવાનોએ દિનેશબાપા પાસેથી સંગઠન અંગે અનુભવસિધ્ધ માર્ગદર્શન મેળવ્યું હતું. તેમ મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીએ જણાવ્યું હતું.

જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ પાસેથી સંગઠનના હોદ્દેદારો અને રાજ્યમંત્રીએ મેળવ્યું માર્ગદર્શન

અમરેલી ૧૦૮ નીટીમેવાડી વિસ્તારમાં કરાવી સફળ પ્રસૂતિ, માતા અને બાળકનો જીવ બચાવ્યો

અમરેલી,તા.૦૭



અમરેલી ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે વધુ એક વખત સમયસૂચકતા અને કુશળતાનો પરિચય આપીને માતા અને નવજાત બાળકનો જીવ બચાવ્યો હતો. તા. ૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ રાત્રે ૯:૩૫ કલાકે કોલડા ગામના વાડી વિસ્તારમાં પ્રસૂતિનો કોલ મળતાં ૧૦૮ની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. તપાસ દરમિયાન મહિલાના લોહીનું પ્રમાણ ઓછું હોવાનું અને અસહ્ય પ્રસૂતિપીડા થતી હોવાનું જણાયું હતું. જેથી સ્થળ પર જ પ્રસૂતિ કરાવવાની ફરજ પડી હતી. ઈએમટી સાગરભાઈ મકવાણા અને પાયલોટ યોગેશભાઈએ કુશળતાથી પ્રસૂતિ કરાવી હતી. જન્મ બાદ બાળકના ગળામાં ગર્ભનાળ વિંટળાયેલી હોવાનું જણાતાં ઈએમટીએ સૂઝબૂઝથી તેને દૂર કરી ઓક્સિજન દ્વારા સારવાર આપી હતી. ત્યારબાદ માતા અને બાળકને વધુ સારવાર માટે કુંકાવાવ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ૧૦૮ની ટીમની કામગીરી બદલ પરિવારજનોએ આભાર વ્યક્ત કર્યો હતો.

દિવાળીના તહેવારને પગલે ધારી ગીર પૂર્વ વનવિભાગનું ખાસ પેટ્રોલિંગ

ધારી,તા.૦૭

દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને ધારી ગીર પૂર્વ વનવિભાગ દ્વારા ૧૦ દિવસ માટે વિશેષ પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું છે. વનવિભાગની ટીમો દિવસ-રાત ૨૪ કલાક ગીરના જંગલ તેમજ રેવન્યુ વિસ્તારમાં સતત નજર રાખશે. વનવિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ચેકપોસ્ટ તથા નાકાઓ પર તૈનાત રહી પોતાના કાર્યક્ષેત્રમાં પેટ્રોલિંગ કરશે. તહેવાર દરમિયાન બહારથી આવતા સહેલાણીઓ સિંહોને પરેશાન ન કરે અને જંગલમાં ગેરકાયદે પ્રવેશ ન કરે તે માટે ખાસ તકેદારી રાખવામાં આવશે. સિંહોની પાછળ વાહનો દોડાવવા, વાહનોની લાઇટથી તેમને પરેશાન કરવા સહિતની પ્રવૃત્તિઓ રોકવા વનવિભાગ સક્રિય બન્યું છે. કાયદાનો ભંગ કરનાર સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

વિવિધ રેલવે સ્ટેશનો ખાતે ATVMs મારફતે અનરિઝર્વ્ડ ટિકિટો આપવા માટે ATVM સુવિધાકર્તાઓની નિમણૂંક

પ્રેસ નોટીફિકેશન નં. C.548/45/1/ATVM Facilitator Vol-I/BVP/2026 તા.૦૫-૧૧-૨૦૨૬

સિનિ. ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, ભાવનગર ડિવિઝન સિંગલ પૅકેટ ઓપન ટેન્ડર સિસ્ટમ હેઠળ વિવિધ રેલવે સ્ટેશનો ખાતે સ્માર્ટ કાર્ડનો ઉપયોગ કરીને ઑટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીનો (ATVMs) મારફતે અનરિઝર્વ્ડ ટિકિટો આપવા માટે ATVM સુવિધાકર્તા તરીકે નિમણૂંક કરવા માટે અરજીઓ આમંત્રિત કરે છે. **કામનું નામ તેના સ્થળ સહિતઃ** ભાવનગર ડિવિઝન, પશ્ચિમ રેલવેના ભાવનગર ટર્મિનસ, જૂનાગઢ, વેરાવળ, બોટાદ જં., પોરબંદર, ગાંધીગ્રામ, ગોંડલ, ધોળા જં. અને ધંધુકા સ્ટેશનો ખાતે ATVM સુવિધાકર્તાની નિમણૂંક. **કોન્ટ્રાક્ટનો સમયગાળોઃ** ૦૨ (બે) વર્ષ, **કામની અંદાજિત પડતર :** શૂન્ય, **ટેન્ડર ફૉર્મ્સ મેળવી શકાશેઃ** વેબસાઈટ https://wr.indianrailways.gov.in મારફતે તા.૦૫-૧૧-૨૦૨૬ થી, **ફૉર્મ્સ મેળવવાની છેલ્લી તારીખઃ** વેબસાઈટ https://wr.indianrailways.gov.in મારફતે તા.૧૦-૧૨-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી, **ટેન્ડર દસ્તાવેજની રજૂઆત શરૂ થવાની તારીખઃ** તા.૧૨-૧૧-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાક, **ટેન્ડર દસ્તાવેજ રજૂઆતની છેલ્લી તારીખઃ** તા.૧૦-૧૨-૨૦૨૬ ના ૧૭:૦૦ કલાકે, **ટેન્ડર ખુલવાની તારીખઃ** તા.૧૦-૧૨-૨૦૨૬ ના ૧૭:૩૦ કલાકે. BVP-167

આપને ગમે તો ફોલો કરોઃ facebook.com/WesternRly • આપને ફોલો કરોઃ x.com/WesternRly

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૯

બાબરામાં ૨૨૫ બોટલ વિદેશી દારૂ અને ઈકો કાર સહિત રૂ. ૨.૮૮ લાખનો મુદ્દામાલ ઝડપાયો



બાબરા,તા.૦૭

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં દારૂ અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા પોલીસ દ્વારા સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે બાબરા પોલીસને વિદેશી દારૂની હેરાફેરી સામે મોટી સફળતા મળી છે. બાબરા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.બી. ઓસુરાની રાહબરી હેઠળ પોલીસ સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ વિજયસિંહ ચારડિયા અને ભારતભાઈ મકવાણાને મળેલી સંયુક્ત બાતમીના આધારે બાબરા શહેરના દરેક રોડ વિસ્તારમાં એક ગેરેજની છાપરી પાસે ઉભેલી ગ્રે કલરની ઈકો કારમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. કારની ડ્રાઇવર સીટ પાછળ રાખેલી બે મોટી પ્લાસ્ટિકની થેલીઓમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.

પોલીસે લંડન પ્રાઇડ પ્રીમિયમ વ્હિસ્કીની ૧૮૦ એમ.એલ.ની કુલ ૨૨૫ બોટલ, જેની કિંમત રૂ. ૩૮,૨૫૦ તથા રૂ. ૨.૫૦ લાખની મારુતિ સુઝુકી ઈકો કાર મળી કુલ રૂ. ૨,૮૮,૨૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે નારાયણ ઉર્ફે નરેશ જોહરીલાલ મોઢણિયા (ઉંમર ૨૮ વર્ષ)ને ઝડપી પાડી ગુજરાત પ્રોહિબિશન એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બાબરા પોલીસની આ કામગીરીથી દારૂની ગેરકાયદેસર હેરાફેરી કરતા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે.

બાબરા પોલીસની સર્વેલન્સ ટીમની કાર્યવાહી, એક શખ્સને ઝડપી પાડી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો

અન્ય દીપડો પકડી વાહ-વાહ મેળવનાર વનખાતાની કામગીરી સામે રોષ

ધારીના દેવળામાં બાળકી પર હુમલો કરનાર દીપડો પકડાયો હોવાના દાવા સામે સવાલો

ધારી,તા.૦૭

ધારી તાલુકાના દેવળા ગામની સીમમાં એકથી વધુ દીપડાઓની હાજરીને કારણે ખેડૂતો અને ખેતમજૂરોમાં ભયનો માહોલ છે. તા. ૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સમીસાંજે ૧૦ વર્ષીય બાળકી પર દીપડાએ જીવલેણ હુમલો કરતાં તેને ઈજાગ્રસ્ત હાલતમાં ૧૦૮ મારફતે ધારી સિવિલ હોસ્પિટલમાં અને ત્યારબાદ વધુ સારવાર માટે અમરેલી ખસેડવામાં આવી હતી. આ ઘટનાને પગલે વનવિભાગે દીપડાને પકડવા પાંજરું ગોઠવ્યું હતું અને એક દીપડો પકડાયો હોવાની જાણ કરવામાં આવી હતી. જોકે, દેવળા ગામના જાગૃત નાગરિકો અને માજી સરપંચ વિજયભાઈએ આ દાવા સામે સવાલો ઉઠાવ્યા છે. તેમના આક્ષેપ મુજબ બાળકી પર હુમલો કરનાર દીપડો હજુ પણ ખુલ્લો ફરી રહ્યો છે અને લોકોએ તેને નજરે જોયો છે. ઘટનાસ્થળ નજીક ગોઠવાયેલા પાંજરામાં દીપડાને લલચાવવા માંસ પણ મૂકવામાં આવ્યું ન હોવાનો આક્ષેપ છે. ત્યારે વનવિભાગ હુમલાખોર દીપડાને પકડવામાં સફળ થયું છે કે કેમ તે અંગે નિષ્પક્ષ સ્પષ્ટતા કરવાની માંગ ઊઠી છે.

હુમલાખોર દીપડો હજુ પણ ખુલ્લો ફરી રહ્યો હોવાનો ગ્રામજનોનો આક્ષેપ

દિવાળી અને નૂતન વર્ષને પગલે અમરેલી જિલ્લામાં ઈમરજન્સી સેવાઓ એલર્ટ

અમરેલી,તા.૦૭



અમરેલી દિવાળી અને નૂતન વર્ષ દરમિયાન અકસ્માત, આગ અને આરોગ્યલક્ષી કટોકટીની ઘટનાઓ વધી શકે તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લામાં ઈમરજન્સી સેવાઓને એલર્ટ કરવામાં આવી છે. ૧૦૮ એમ્બ્યુલન્સ, ૧૧૨ પોલીસ અને ૧૦૨ આરોગ્ય સેવાની ટીમોને સ્ટેન્ડબાય રહેવા સૂચના આપવામાં આવી છે. તહેવારો દરમિયાન કોઈપણ આપત્તિ કે કટોકટીના સમયે નાગરિકોને ઝડપથી મદદ મળી રહે તે માટે તમામ ઈમરજન્સી કર્મચારીઓની રજાઓ પણ રદ કરવામાં આવી છે.

સા.કુંડલાના મહાલક્ષ્મી મંદિરે ધનતેરસે છપ્પન ભોગના દર્શન

સાવરકુંડલા,તા.૦૭



સાવરકુંડલા શહેરના ગાંધી ચોક વિસ્તારમાં આવેલું ૧૨૨ વર્ષ પ્રાચીન મહાલક્ષ્મી માતાજીનું મંદિર દિવાળીના પર્વ નિમિત્તે ભક્તિમય માહોલમાં રંગાયું હતું. ધનતેરસના પવિત્ર અવસરે માતાજીને પરંપરાગત રીતે છપ્પન ભોગ ધરાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે માતાજીનો ભવ્ય અને આકર્ષક શણગાર કરવામાં આવ્યો હતો. વર્ષોથી ચાલી આવતી છપ્પન ભોગ ધરાવવાની પરંપરા આ વર્ષે પણ જાળવવામાં આવી હતી. માતાજીના દિવ્ય દર્શનનો લાભ લઈ મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

ચલાલા નગરપાલિકા દ્વારા દાનેવ સોસાયટીના માર્ગો નવા બનાવાશે

ચલાલા,તા.૦૭



ચલાલા નગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૬ની દાનેવ સોસાયટીના બંને મુખ્ય માર્ગોના રૂ. ૫૫ લાખના ખર્ચે નવીનીકરણ તથા અંડરગ્રાઉન્ડ કેબલિંગ સાથે આધુનિક LED લાઇટ નાખવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય જે.વી. કાકડીયા, નગરપાલિકા પ્રમુખ જયરાજભાઈ વાળા, ઉપપ્રમુખ પ્રવીણભાઈ માલવિયા, મહાવીરબાપુ ભગત, જયંતીભાઈ પાનસુરીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. યુવા અગ્રણી સૂર્યવીરભાઈ વાળા તથા વોર્ડના સદસ્યોના પ્રયાસોથી વિકાસકાર્યોને વેગ મળી રહ્યો હોવાનું જણાવાયું હતું. કાર્યક્રમમાં મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. પૂર્વ પ્રમુખ ભૈયલુભાઈ વાળાએ સ્ટેજ સંચાલન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા નગરપાલિકાના સદસ્યો અને આગેવાનોએ જહેમત ઉઠાવી હતી. અંતે સૂર્યવીરભાઈ વાળાએ આભાર વ્યક્ત કર્યો હતો.

પ્રથમ દિવાળીએ કર્મચારીઓમાં ખુશીનો માહોલ, કર્મચારીઓએ ફૂલહાર કરી પ્રમુખનું સન્માન કર્યું

ધારી પાલિકાના રોજમદાર કર્મચારીઓને પાંચ ગણું દિવાળી બોનસ

ધારી,તા.૦૭

ધારી નગરપાલિકા દ્વારા દિવાળીના તહેવાર નિમિત્તે રોજમદાર કર્મચારીઓને દર વર્ષની સરખામણીએ પાંચ ગણું બોનસ ચેક સ્વરૂપે આપવામાં આવ્યું હતું. નગરપાલિકા પ્રમુખ જયદીપ બસિયા દ્વારા કાર્યભાર સંભાળ્યા બાદની પ્રથમ દિવાળીએ કર્મચારીઓને આ વિશેષ ભેટ આપવામાં આવતાં કર્મચારીઓમાં ખુશી છવાઈ હતી. આ પ્રસંગે ઉપપ્રમુખ પરેશ પટ્ટણી, કારોબારી ચેરમેન મનસુખભાઈ ભુવા, સદસ્ય જીતુભાઈ જયસ્વાલ, મુન્ના ભાદરવા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કર્મચારીઓએ ફૂલહાર કરી પ્રમુખનું સન્માન કર્યું હતું. પ્રમુખે જણાવ્યું હતું કે સફાઈ કર્મચારીઓ નગરપાલિકાની કરોડરજ્જુ સમાન છે અને શહેરની સ્વચ્છતા જાળવવામાં તેમનું યોગદાન અમૂલ્ય છે. આ પ્રસંગે તાળીઓના ગડગડાટ સાથે કર્મચારીઓએ આનંદ વ્યક્ત કર્યો હતો.



લીલીયામાં ફટાકડાના સ્ટોલનું પોલીસ દ્વારા ચેકિંગ

લીલીયા,તા.૦૭



લીલીયા મોટા દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને જાહેર સુરક્ષા અને સાવચેતીના ભાગરૂપે લીલીયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. પી.જે. રામાણી દ્વારા બગીચા વિસ્તારમાં કાર્યરત ફટાકડાના સ્ટોલનું સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું.

આ દરમિયાન સ્ટોલ સંચાલકો સાથે સુરક્ષાનાં વિવિધ પાસાં અંગે ચર્ચા કરી હતી. ખાસ કરીને આગ લાગવાની સંભવિત ઘટનાઓને રોકવા માટે જરૂરી સુરક્ષા વ્યવસ્થાઓની તપાસ કરી હતી અને તકેદારી રાખવા સૂચના આપી હતી.



બાબરાના વાવડા ગામે પત્ની સાથે બોલાચાલી બાદ પતિએ ઝેરી દવા પીધી

બાબરા,તા. ૦૭


બાબરાના વાવડા ગામે પત્ની સાથે બોલાચાલી બાદ પતિએ ઝેરી દવા પીધી હતી. રામજીભાઈ મંગાભાઈ મેવાડા (ઉ.વ. ૫૮)એ જાહેર કર્યા મુજબ, તેમના દીકરા અમિતભાઈ રામજીભાઈ મેવાડા (ઉ.વ. ૨૯)ને પત્ની સંગીતાબેન સાથે છોકરાને રાખવા બાબતે બોલાચાલી થઈ હતી. જેથી મનમાં લાગી આવતાં તેમણે આપમેળે ઝેરી દવા પી લીધી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. જયદેવસિંહ ચંદુભા સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.



અવસાન નોંધ

ચલાલા

ચલાલા નિવાસી સ્વ. હસમુખભાઈ વસનજીભાઈ ભટ્ટ ઉ.વર્ષ. ૮૩ આસો વદ અગિયારસ તા.૫/૧૧/૨૬ ગુરૂવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેઓ શ્રી ઘનશ્યામભાઈ તેમજ સ્વ. નિર્મળાબેન જોષી અને નીરૂબેનના મોટાભાઈ, સ્વ. રસિકભાઈ, સ્વ. જયંતીભાઈ, સ્વ. રમણીકભાઈના નાના ભાઈ, અલ્પેશ તથા આયુષના પિતાશ્રી, નીરવ તથા જયદીપના ભાઈજી, હરેશભાઈ અશોકભાઈ તેમજ પિયુષભાઈ વાંકાનેરના કાકા થાય .



મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૧૦૬/૨૦૨૬

અરજદારશ્રીઃ- ગજેરા શૈલેશભાઈ બાલુભાઈ,
રે.એ ૧/૨૦૩, સૌરાસ્ટ્રૂ ટાઉનશીપ ૦૫ લસકાણા,સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તકમશ્રી વંડા તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદાશ્રી પોપટભાઈ મુળજીભાઈ ગજેરાનુ મરણ તા.૦૩/૦૩/૧૯૯૨ ના રોજ મુ.વંડા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૩/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહીં તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા



અમરેલી-નાના આંકડીયા-ચિત્તલ રોડ પર પુલનું રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે લોકાર્પણ

અમરેલી તા. ૦૬



અમરેલી જિલ્લાના વિકાસમાં વધુ એક મહત્વપૂર્ણ સુવિધાનો ઉમેરો થયો છે. અમરેલી-નાના આંકડીયા-ચિતલ માર્ગ પર આવેલા માઈનર બ્રિજ (જગુ પુલ)નું રાજ્યના કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અંદાજિત રૂ. ૪.૫ કરોડના ખર્ચે નવનિર્મિત આ બ્રિજ કાર્યરત થતાં સ્થાનિક ગ્રામજનો તેમજ આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને મોટી રાહત મળશે. લાંબા સમયથી બ્રિજની સમસ્યાનો સામનો કરી રહેલા આસપાસના વિસ્તારના લોકોને હવે અવરજવરમાં સરળતા રહેશે અને વાહન વ્યવહાર વધુ સુગમ બનશે. રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ મજબૂત બનાવવા માટે વિવિધ વિકાસલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ખાસ કરીને છેવાડાના ગામડાઓને જોડતા માર્ગો અને પુલોની સુવિધા વિકસાવીને ગ્રામ્ય વિસ્તારના લોકોને પરિવહનની વધુ સારી સુવિધા મળી રહે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ જ દિશામાં જગુ પુલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ પુલના લોકાર્પણથી આસપાસના ગામોના લોકોની વર્ષો જૂની સમસ્યાનો ઉકેલ આવ્યો છે. અગાઉ ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદી પાણી ભરાવાના કારણે આ માર્ગ પર વાહન વ્યવહાર ખોરવાઈ જવાની સમસ્યા સર્જાતી હતી. જેના કારણે સ્થાનિક લોકોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. ખાસ કરીને વિદ્યાર્થીઓ, ખેડૂતો, વેપારીઓ અને રોજિંદા કામકાજ માટે મુસાફરી કરતા લોકોને સમય અને નાણાંનો વ્યય થતો હતો. હવે અંદાજિત રૂ. ૪.૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા આ બ્રિજના કારણે ચોમાસા દરમિયાન પણ વાહન વ્યવહાર વધુ સરળતાથી ચાલુ રહી શકશે. આ બ્રિજ કાર્યરત થવાથી ગ્રામ્ય વિસ્તારોના આર્થિક અને સામાજિક વિકાસને પણ નવી ગતિ મળશે. ખેડૂતોને પોતાની ખેતપેદાશો બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહેશે, જ્યારે વિદ્યાર્થીઓને શૈક્ષણિક સંસ્થાઓ અને દર્દીઓને આરોગ્ય સેવાઓ સુધી પહોંચવામાં પણ સુવિધા મળશે. ઉપરાંત વાહનચાલકોના સમય અને ઈંધણની બચત થવાની સાથે માર્ગ અકસ્માતના જોખમમાં પણ ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ લોકાર્પણ કાર્યક્રમમાં રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાની સાથે જિલ્લા પંચાયતના અગ્રણી હોદ્દેદાર ડેનીભાઈ પરમાર, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા તેમજ અમરેલીના અગ્રણી મેહુલભાઈ ધોરાજીયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લાના વિવિધ સ્થાનિક આગેવાનો, પદાધિકારીઓ, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય)ના વરિષ્ઠ અધિકારીઓ રાઠોડ અને દેસાઈ સહિતના વહીવટી અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. બ્રિજના લોકાર્પણથી સ્થાનિકોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

અમરેલી-નાના આંકડીયા-ચિતલ માર્ગ પર નવનિર્મિત માઈનર બ્રિજથી વાહન વ્યવહાર બનશે વધુ સરળ અને સુરક્ષિત : ગ્રામ્ય વિસ્તારોના વિકાસને મળશે નવી ગતિ

લીલીયામાં પીએમ કિસાન યોજનાની જવાબદારીની ફેંકાફેંકી, ખેડૂતો હેરાન

લીલીયા,તા.૦૭



લીલીયા તાલુકામાં પીએમ કિસાન સન્માન નિધિ યોજનાની કામગીરીની જવાબદારી નક્કી ન હોવાથી ખેડૂતો છેલ્લા ઘણા સમયથી હેરાન થઈ રહ્યા છે. ખેતી વિભાગના કર્મચારીઓ આ કામગીરી તલાટી-મંત્રીની હોવાનું જણાવે છે, જ્યારે તલાટી-મંત્રી પાસે આ અંગેનો કોઈ લેખિત સરકારી હુકમ કે પરિપત્ર નથી. પરિણામે હપ્તો ન મળતા ખેડૂતો એક કચેરીથી બીજી કચેરીના ધક્કા ખાઈ રહ્યા છે.

હાલ દિવાળીના તહેવારોમાં સુરત સહિત બહારગામથી હજારો ખેડૂતો વતનમાં આવ્યા છે. તેઓ હપ્તા, ઈ-કેવાયસી અને નવા ફોર્મ માટે ધરમધક્કા ખાઈ રહ્યા છે. સમયસર કામગીરી નહીં થાય તો ખેડૂતો યોજનાના લાભથી વંચિત રહી શકે છે. આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવા જિલ્લા પંચાયત સદસ્ય જીજ્ઞેશભાઈ સાવજે લીલીયા તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરી હોવાનું ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવાયું છે.

પીપાવાવ ધામમાં રણછોડરાયજી મંદિરનો ૧૦૭મો પાટોત્સવ ઉજવાશે

અમરેલી,તા.૦૭



રાજુલા તાલુકાના પીપાવાવ ધામ ખાતે રણછોડરાયજી મંદિરનો ૧૦૭મો પાટોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવશે. કારતક સુદ એકમ અને બીજ નિમિત્તે બે દિવસીય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૦ નવેમ્બર, મંગળવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ગોવર્ધન પૂજન યોજાશે. ત્યારબાદ સવારે ૧૧:૩૦ કલાકે અન્નકૂટ દર્શન અને ૧૧:૪૫ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઈશ્વરીયા ગામે પુરુષે, સાવરકુંડલામાં પરિણીતાએ ઝેરી દવા પીતા મોત થયું

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં બે લોકોના ઝેરી દવા પીવાથી મોત થયા હતા. અમરેલીના ઈશ્વરીયા ગામે રહેતા જયસુખભાઈ ભીમજીભાઈ વામજા (ઉ.વ.૪૬)એ જાહેર કર્યા મુજબ, હરેશભાઈ ભીમજીભાઈ વામજા એકલવાયું જીવન જીવતા હતા. કોઈ અગમ્ય કારણોસર પોતાના વાડી ખેતરે ઝેરી દવા પી જતાં મરણ પામ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ જે ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે. બીજા બનાવમાં સાવરકુંડલામાં રહેતા મથુરભાઈ હીપાભાઈ પરમાર (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની રસીલાબેન (ઉ.વ.૪૦)ને તેમણે કામકાજ બાબતે ઠપકો આપતાં લાગી આવ્યું હતું અને ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન મોત થયું હતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે એલ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

ચાવંડ નજીક ધમધમતા ગેરકાયદે જ્વલનશીલ પેટ્રોલિયમ પદાર્થના કાળા કારોબારનો પર્દાફાશ

લાઠી,તા.૦૭

લાઠીના ચાવંડ ગામ નજીક પેરામાઉન્ટ હોટલ પાસે આવેલી 'રાજદીપ એન્ટરપ્રાઈઝ' પેઢી ખાતે બાયોપ્રોડક્ટના નામે ચાલી રહેલા જોખમી અને ગેરકાયદે જ્વલનશીલ પેટ્રોલિયમ પદાર્થોના કાળા કારોબારનો પર્દાફાશ થયો હતો. કોઈપણ સક્ષમ સત્તાધિકારીની પૂર્વ મંજૂરી કે જરૂરી લાયસન્સ મેળવ્યા વિના, માનવ જિંદગી જોખમાય તે રીતે ચાલી રહેલા આ ગોરખધંધા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ અંગે બાબરામાં રહેતા 'રાજદીપ એન્ટરપ્રાઈઝ'ના પ્રોપરાઈટર અમનખા દિલાવરખા ભોજવાણી સામે ફરિયાદ નોંધાઈ હતી. આરોપીઓએ ચાવંડ નજીક આવેલી 'રાજદીપ એન્ટરપ્રાઈઝ' ખાતે સામાન્ય લોકો તેમજ આસપાસના વિસ્તારની સુરક્ષા નેવે મૂકી ભારે બેદરકારી દાખવી હતી. અતિ જ્વલનશીલ અને સહેલાઈથી આગ પકડી લે તેવા પેટ્રોલિયમ પદાર્થોનો અનધિકૃત રીતે મોટો જથ્થો સંગ્રહ કરી તેનું ગેરકાયદે ખરીદ-વેચાણ કરવામાં આવી રહ્યું હતું. આ મામલે તંત્રે નિયમોના ઉલ્લંઘન બદલ આરોપી વિરુધ્ધ ગુનો નોંધ્યો હતો.

બહારગામ જાવ છું તેવું કહીને નીકળેલો વાંશીયાળી ગામનો પુરુષ લાપતા બન્યો

વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલે વધુ તપાસ હાથ ધરી

સાવરકુંડલા,તા.૦૭

સાવરકુંડલાના વાંશીયાળી ગામનો પુરુષ બહારગામ જાવ છું તેવું કહીને નીકળ્યા બાદ લાપતા બન્યો હતો. આ અંગે વકીલાતનો ધંધો કરતા નરશીભાઈ જીવરાજભાઈ બગડા (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, તેના પિતા જીવરાજભાઈ આપાભાઈ બગડા (ઉ.વ.૫૩) સવારના આશરે નવેક વાગ્યે ઘરે બહારગામ જાવ છું તેવું કહીને પોતાની મેળે ક્યાંક જતા રહ્યા હતા અને બાદમાં ઘરે પરત આવ્યા નહોતા. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ એમ વિંઝુડા વધુ તપાસ કરી રહ્યા છે.

ધ્રુફણીયા ગામે દામનગર તરફ જવાના રોડ ઉપર જીવલેણ અકસ્માત સર્જાયો

ટ્રેક્ટર અને બાઈકની ટક્કર થઈ

દામનગર,તા.૦૭

ધ્રુફણીયા ગામે દામનગર તરફ જવાના રોડ ઉપર છગનભાઈ ગોયાણીની વાડી પાસે જીવલેણ અકસ્માત સર્જાયો હતો, જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. બનાવ અંગે ધ્રુફણીયા ગામે રહેતા નિલેશભાઈ ઘુસાભાઈ રાઠોડ (ઉ.વ. ૩૮) એ દર્શ ઉર્ફે કાનો ભરતભાઈ ગોયાણી સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેમના ભાઈ પ્રવિણભાઈ ઘુસાભાઈ રાઠોડ, તેમના પત્ની તથા પુત્ર સાથે મોટરસાઈકલ લઈને છગનભાઈ ગોયાણીની વાડી પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન આરોપીએ તેનું ટ્રેક્ટર ગફલતભરી રીતે ચલાવીને તેમના ભાઈના મોટરસાઈકલને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં તેમના ભાઈનું મોત થયું હતું તથા તેમના પત્ની અને પુત્રને ગંભીર ઈજાઓ પહોંચી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી. એ. ચારોલા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

સૌરાષ્ટ્ર યાર્ડના ભાવ

રાજકોટ (શાકભાજી)		
લીંબુ	૮૨૫	૧૭૯૬
પપૈયા	૧૫૬	૩૨૧
ટમેટા	૨૨૪	૫૧૩
સુરણ	૪૧૫	૬૨૦
કોથમરી	૧૧૪૩	૧૭૯૭
મુળા	૪૦૨	૬૩૪
રીંગણા	૧૨૧	૩૦૧
કોબીજ	૨૨	૬૭
ફ્લાવર	૩૮૩	૫૭૬
ભીંડો	૬૧૧	૮૨૪
ગુવાર	૭૪૪	૯૯૫
ચોળાસીંગ	૬૫૦	૮૩૬
વાલોળ	૪૨૧	૭૯૪
ટીંડોળા	૧૧૨	૫૦૧
દુધી	૧૫૨	૩૪૨
કારેલા	૨૩૬	૩૭૭
સરગવો	૩૫૫	૬૧૦
તુરીયા	૫૯૦	૮૧૩
પરવર	૭૮૫	૧૦૦૪
કાકડી	૫૨૧	૭૫૦
ગાજર	૩૦૬	૫૨૧
વટાણા	૨૪૬૧	૩૦૪૮
તુવેરસીંગ	૬૫૫	૧૦૧૧
ગલકા	૩૦૫	૫૧૦
બીટ	૨૨૦	૫૦૧
મેથી	૪૦૫	૬૧૦
વાલ	૫૯૨	૮૩૩
ડુંગળી લીલી	૨૮૮	૪૭૧
આદુ	૧૪૦૯	૩૦૧૧
મરચા લીલા	૨૨૨	૫૧૬
હળદર લીલી	૪૩૩	૬૫૪
લસણ લીલું	૨૧૮૫	૩૪૩૫
મકાઇ લીલી	૧૩૨	૨૫૦
ગોંડલ (શાકભાજી)		
ટમેટા	૧૬૦	૫૦૦
મરચા	૨૦૦	૮૦૦
ગુવાર	૫૦૦	૧૪૦૦
કોબી	૬૦	૨૦૦
દુધી	૧૦૦	૩૦૦
ફ્લાવર	૫૦	૪૦૦
કાકડી	૩૦૦	૧૦૦૦
રીંગણા	૪૦	૫૦૦
ભીંડો	૪૦૦	૧૨૦૦
ગલકા	૨૦૦	૮૦૦
ગાજર	૩૦૦	૧૦૦૦
ટિંડોરા	૨૦૦	૫૦૦
તુવેર	૫૦૦	૧૪૦૦
વાલ	૮૦૦	૧૪૦૦
વટાણા	૧૬૦૦	૩૦૦૦
શક્કરીયા	૨૪૦	૮૦૦
બટેટા	૧૪૦	૨૮૦
લીલી હળદર	૫૦૦	૯૦૦
ડુંગળી પુરા	૫	૧૦
તાંજરીયા પુરા	૨	૮
કોથમીર પુરા	૩	૧૫
મૂળા પુરા	૫	૮
પચકારુ	૨૦૦	૩૦૦
ચુરણ	૬૦૦	૧૦૦૦
પરવર	૬૦૦	૮૦૦
ઘીસોડા	૩૦૦	૨૦૦૦
લીંબુ	૫૦૦	૨૪૦૦
મેથી પુરા	૨	૧૩
બીટ પુરા	૧૦	૨૦
સરગવો પુરા	૧૦	૩૦
ચોરા	૨૦૦	૧૨૦૦
કારેલા	૨૦૦	૫૦૦
વાલોળ	૪૦૦	૧૨૦૦
કાચા પોપૈયા	૧૦૦	૪૦૦
આદુ	૧૦૦૦	૧૬૦૦
મકાઈ ડોડા	૧૬૦	૩૦૦
લસણ પુરા	૧૦	૧૫
પાલક પુરા	૨	૮
ખાંભા		
કપાસ	૧૭૫૧	૧૮૭૫
મગફળી	૧૩૦૦	૧૪૯૦
જુવાર સફેદ	૧૬૨૬	૧૬૨૬

દિવાળી અને બેસતા વર્ષના તહેવારોને લઈ ગોંડલ પોલીસે વેપારીઓ સાથે બેઠક યોજી

ગોંડલ,તા.૦૭



આગામી દિવાળી અને બેસતા વર્ષ સહિતના તહેવારોને ધ્યાનમાં રાખીને ગોંડલ પોલીસ દ્વારા સુરક્ષાને લઈ વેપારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. DYSP કે.જી. ઝાલા (ગોંડલ ડિવિઝન)ના અધ્યક્ષસ્થાને ગોંડલ શહેર એ ડિવિઝન અને બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી આંગડિયા પેઢીઓ, સોની બજારના વેપારીઓ તેમજ અન્ય વેપારીઓ સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં તહેવારો દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને વેપારીઓની સુરક્ષા જળવાઈ રહે તે માટે જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. વેપારીઓને પોતાની દુકાનો અને વેપારી સંસ્થાઓમાં પૂરતા પ્રમાણમાં CCTV કેમેરા લગાવવા, સુરક્ષાના જરૂરી પગલાં લેવા તેમજ રોકડ અને કિંમતી માલસામાનની હેરફેર વખતે વિશેષ તકેદારી રાખવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા સુરક્ષાને લગતી જરૂરી વ્યવસ્થા અને માર્ગદર્શન અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ગોંડલના અક્ષર મંદિરે મહંત સ્વામી મહારાજની પધરામણી

ગોંડલ,તા.૦૭

સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ યાત્રાધામ ગોંડલના અક્ષર મંદિરે બીએપીએસના વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની બુધવાર, તા. ૪ નવેમ્બરના રોજ પધરામણી થઈ હતી. પુષ્પરંગોળીથી સ્વાગત માર્ગ તૈયાર કરાયો હતો. સાફાધારી બાઈક સવાર યુવાનોએ નૂતન ગુરુકૂલથી અક્ષરઘાટ સુધી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ અક્ષર બેન્ડ દ્વારા બેન્ડવાદન સાથે સ્વાગત કરાયું હતું. મહંત સ્વામીએ અક્ષર દેરી, અક્ષર મંદિર અને યોગી સ્મૃતિ મંદિરે દર્શન કરી ગુરુચરણોમાં શીશ ઝુકાવ્યું હતું. યોગી સભામંડપમાં અભિવાદન સભા યોજાઈ હતી. દીપાવલી, નૂતન વર્ષ અને અન્નકૂટ ઉત્સવની ઉજવણી સાથે બાળદિન, યુવાદિન અને ગ્રામ્યદિનના કાર્યક્રમો પણ યોજાશે.

કોડીનારના જય બાંભણિયાએ જુડો સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડલ જીત્યો

કોડીનાર,તા.૦૭



દિલ્હી ખાતે યોજાયેલી SGFI રાષ્ટ્રીય કક્ષા અંડર-૧૪ જુડો સ્પર્ધામાં કોડીનારની સોમનાથ એકેડમી સ્કૂલના વિદ્યાર્થી જય બાંભણિયાએ -૨૫ કિગ્રા વજન વર્ગમાં ગોલ્ડ મેડલ (સુવર્ણચંદ્રક) હાંસલ કરી સમગ્ર વિસ્તારનું નામ રોશન કર્યું છે.

શાળાના કોચ હિતેશાબેન બારડ અને ટ્રેનર તન્વીબેન બારડના માર્ગદર્શન હેઠળ મેળવેલી આ સિદ્ધિ બદલ શાળાના ટ્રસ્ટી કરસનભાઈ સોલંકી, કેમ્પસ મેનેજર સંજયભાઈ સોલંકી તેમજ DLSS મેનેજર રણજિતભાઈ દહિમાએ વિદ્યાર્થીને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

જૂનાગઢમાં ગીર કમલમ કાર્યાલય ખાતે ભાજપ બક્ષીપંચ મોરચાની કારોબારી બેઠક યોજાઈ

જૂનાગઢ,તા.૦૭



જૂનાગઢ સ્થિત ગીર કમલમ કાર્યાલય ખાતે રાજ્યસભાના સાંસદ માનસિંહભાઈ પરમાર અને પ્રદેશ સહ સંગઠન મહામંત્રી અરુણ બીન્નાડીજીની વિશેષ ઉપસ્થિતિમાં મહાનગર ભાજપ બક્ષીપંચ મોરચાની કારોબારી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ ગૌરવભાઈ રૂપારેલિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સંગઠનને બૂથ અને મંડળ સ્તર સુધી વધુ મજબૂત બનાવવા, આગામી કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવા તેમજ બક્ષીપંચ સમાજના લોકો સુધી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો પ્રચાર-પ્રસાર કરવા અંગે ગહન માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

"ભારત સેક્યુલર દેશ છે, ફટાકડા ન ફોડો, દિવાળી ન મનાવો"


ગત પહેલી નવેમ્બર ને રવિવારે ઈન્ડિયા ગઠબંધન, કહેતા, રાહુલ ગાંધીએ રામલીલા મેદાનમાં મુખ્ય ચૂંટણી આયુક્ત જ્ઞાનેશકુમાર વિરુધ્ધ ધરાહાર જન સભા યોજી જ. વેપારીઓએ અનેક વિનંતી કરી કે રહેવા દો, ભાઈસાહબ. અમને દિવાળીના પર્વ પર ધંધો કરવા દો. પણ રાહુલ ન માના, તી ન જ માના. રાહુલ ભૈયાએ વેપારીઓને રાજી રાખવા કૉંગ્રેસીઓને કહી દીધું, વેપારીઓની દુકાનેથી ખરીદજો. પણ સીટીઆઈ (વેપારીઓનું સંગઠન) કહે, એ તો જુઓ કે દુકાન ખુલ્લી રહેશે તો તમે ખરીદશો ને.

આ બધું બની રહ્યું હતું બરાબર દિવાળીના પહેલાંના છેલ્લા રવિવારે. ભારતમાં લોકોને છેલ્લી ઘડીએ જ ખરીદી કરવાનો મેળ પડે છે. જવાય છે, જવાય છે, કહીને પછી છેલ્લા અઠવાડિયામાં લોકો હડી કાઢે છે, એલા ભાઈ, મીઠાઈ રહી ગઈ. મારે તો કપડાં સિવડાવવા નાખવાના છે. મારે તો તોરણ અને સ્ટિકર લેવાં છે. ને પછી હકડેઠઠ બજાર ભરાય. વેપારીઓને દિવાળી થઈ જાય.

પણ આ ફેરે દિલ્લીના વેપારીઓ મોં વકાસતા રહી ગયા. એક તો, અધિકારીઓ દરોડા પાડે. કોઈક ફટાકડા જપ્ત કરે તો કોઈક મીઠાઈની દુકાન સીલ કરે. કોઈક ફરસાણનું તેલ ખરાબ છે તેમ કહી અંદર ટેબલ, પૈસા લે. મુદ્દે, બધાને પોતાની દિવાળી સારી કરવી છે. સાચું કહું? એક પણ સરકારને મુસ્લિમોની ચિંતા જ નથી. વાતો કરે છે, બસ. વિપક્ષો કહે છે, "અમે તમને હિન્દુવાદીઓથી બચાવશું". ભાજપવાળા કહે છે, "તમારા એક હાથમાં કુરાન, બીજા હાથમાં કમ્પ્યૂટર આપશું અને તમારા ગજવામાં સરકારી સહાય ભરીશું. જાવ, લેવાય એટલો લાભ લઈ લો. તમારા માટે જ છે. અલ્પસંખ્યકોની શિષ્યવૃત્તિ." પણ તેમના આરોગ્યની કોઈને પડી નથી. સાવ સાચું કહું છું. પડી હોય તો કેમ ઈદ પર આરોગ્ય ખાતાવાળા દરોડા નથી પાડતા? શું મુસ્લિમ વિસ્તારોની દુકાનોમાં ખાણીપીણીના માપદંડ અને સ્વચ્છતા જળવાય છે? તેલ-ઘી શુધ્ધ જ વપરાય છે?

આવું ક્રિસમસ અને ૩૧મી ડિસેમ્બર વખતે. કેક તો સરસ મજાની મળે જ. તેમાં કંઈ દરોડા થોડા પાડવાના હોય. હૉટલોવાળા પાર્ટીયું રાખે, રાજકોટની સરઝા જેવી. કોઈ ના નહીં પાડે. કોઈ દરોડા નહીં પાડે. એલા ભાઈ, આ સરઝામાં દિવાળી પહેલાં જ દરોડા પાડી પોલીસે માલેતુજારોના, છાપાળવી ભાષામાં કહીએ તો, નબીરા-નબીરીઓને પકડ્યા, એમાં તો કેટલાયનાં પેટ દુ:ખી ગયાં. ઈવડા ઈ કહે, છોકરાવને દારૂ પીવા દો ને. દિવાળી પહેલાં જ ભલે તથ્યની જેમ બેફામ કાર ચલાવી એક-બેને મોક્ષ આપી દે, આપણે શું. આ મોંઘવારીના જમાનામાં બિચારા છૂટે તો સારું જ ને. અને દારૂથી પોતાનું લિવર ખરાબ કરી દે તો આમેય આવા નબીરા-નબીરી જીવીને દુનિયાને શું આપી જવાનાં છે? પણ આવું હોતું હશે, પોલીસ સાહેબો? ૩૧મીએ તમતમારે ફાર્મહાઉસોમાં ચિકન-મટન અને દારૂની પાર્ટી થવા દેવાની, હૉટલોમાં રશિયાની ને યુક્રેઈનની, વખાની મારી નહીં પણ સામ્યવાદીઓની નીતિની મારી, ગોરી ચામડીની છોકરીઓને આવવા દેવાની, ને કૉલ ગર્લુના ભાવ પણ ટેસથી છાપામાં છાપવાના, જેથી 'જરૂરિયાતવાળાઓ'ને રેટ કાર્ડ ગોતવું ન પડે, પણ દિવાળીએ દારૂ નહીં પીવાનો !

દિવાળીએ હિન્દુઓના આરોગ્યની મીડિયાને પણ કેટલી ચિંતા થઈ આવે છે તે જુઓ. દિવાળી પહેલાં છાપા, ટીવી અને વેબ સાઈટો પર લેખો છપાય છે – દિવાળી પર તમારું વજન કેવી રીતે કંટ્રોલમાં રાખશો? દિવાળી પર ડાયેટવાળું ફૂડ ખાજો, પ્લીઝ. હરામ બરાબર છે, ઈદ અને થર્ટી ફર્સ્ટ પર આવા કોઈ લેખો, વિડિયો આ લોકો મૂકતા હોય તો. ચોકલેટ, કેક, માંસાહાર, અને દારૂથી થોડું વજન વધે છે?



ને તમે જુઓ, આ ભાજપવાળા બધું રાહુલ પર ઢોળે છે. રાહુલ બાબાએ કેમ રવિવારે દિલ્લીમાં જન સભા રાખી? એમાં પાછું કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને એમના જ પક્ષના કાર્યકર્તાઓને ધમકી આપવી પડે કે દસ મિનિટ મને સાંભળી લો, નહીં તો હું એક કલાક બોલીશ ! કૉંગ્રેસના કાર્યકર્તાઓને તેમના અધ્યક્ષનું ભાષણ ન ગમ્યું તો મમતા બેનર્જી વળી, 'જૉની જૉની યસ પાપા'ની જેમ જોડકણું ગાઈ મનોરંજન પૂરું પાડી દીધું ! એની પહેલાં સંસદની મૉકરી (મજાક) સમાન મૉક પાર્લામેન્ટમાં વર્તમાન પત્રકારની પત્ની જે એક સમયે પોતે પણ પત્રકાર હતાં, પણ અત્યારે તૃણમૂળ કૉંગ્રેસ (મમતા બેનર્જી)નાં સાંસદ છે તેવાં સાગરિકા ઘોષ 'વ્હેર ઈઝ માય નૉટ્સ', 'વ્હેર ઈઝ માય નૉટ્સ' કહીને શું ઍક્ટિંગ કરી ! પતિ રાજદીપ સરદેસાઈએ સીજેપીવાળાઓની દિવાળી પાર્ટીમાં 'ઝિંદગી કે સફર મેં ગુઝર જાતે હૈ જો મકામ' ગાઈ કૉંગ્રેસના શાસનકાળ વખતની જાહોજલાલી યાદ કરી લીધી. મૉક સંસદમાં નેહા બોરાને પ્રેક્ષક દીર્ઘામાં બેસાડવાની હોય તેના બદલે સાંસદની ખુરશીમાં ખુશીથી બેસવા દેવાય, અને બોલવા પણ દેવાય, પણ સગી બહેન પ્રિયંકા ગાંધી વાડ્રાને બોલવા ન દીધાં. અને આ બધાં સમયે રાહુલ બાબા મોબાઈલ મચડતા રહ્યા.

ભારત જોડો યાત્રા ક્રિસમસ પર સમાપ્ત કરી દર ક્રિસમસ મનાવવા વિદેશ પહોંચી જતા રાહુલ બાબાને હિન્દુ તહેવાર દિવાળી ખૂંચે છે. એટલે તો પહેલી નવેમ્બરે સભા રાખી. આ જ કારણ છે? ના. બીજું કારણ પણ છે. તમે તારીખ જુઓ. અગાઉ ૧૨ ઑક્ટોબરે નેશનલ હેરાલ્ડ કૌભાંડ કેસની સુનાવણી હતી, બરાબર તે જ દી'એ સર્વોચ્ચ ન્યાયાલયમાં લાવલશ્કર સાથે રાહુલ જ્ઞાનેશકુમારનો વિરોધ કરવા પહોંચી ગયા. ગર્ભવતી મહિલા પત્રકાર રીચા પરાશરને ધક્કો પણ બૉર્ડીગાર્ડ સાથે માર્યો. તેમને કદાચ એમ હશે કે કોઈ હિન્દુ પુરુષ હશે તો લાવ 'સ્મેશ પેટ્રિયાર્કી' (પિતૃસત્તાકનો ભુક્કો બોલાવી દઉં) કરું. તે દિવસે હોબાળા પછી, નેશનલ હેરાલ્ડ કેસની સુનાવણી બીજી નવેમ્બરે રખાઈ. તો રાહુલ બાબાએ પહેલી નવેમ્બરે દિલ્લીમાં રેલી યોજી દીધી. જજો દબાણમાં આવી ગયા હશે? ખબર નહીં, પણ સુનાવણી હવે ૨૩ નવેમ્બરે થશે. રાહુલ બાબા વળી ૨૩મીએ કોઈ કાર્યક્રમ ગોઠવી નાખશે.

સામાન્ય માણસને એ વાત નથી સમજાતી કે દિવાળી હિન્દુવાદીઓ સિવાય બીજા બધાને કેમ ખૂંચે છે? દર વર્ષે સર્વોચ્ચમાં યાચિકા થઈ જાય છે. તે પણ શ્રાદ્ધ પક્ષ શરૂ થાય ત્યારથી જ. દર નવરાત્રિ પહેલાં ન્યાયાલયમાં ઘોંઘાટ માટે યાચિકા થઈ જાય છે. દર મકર સંક્રાંતિ પહેલાં માંજા અને પતંગ બાબતે અચૂક યાચિકા થઈ જાય છે. દહીહાંડી માટે તો એક વાર આદેશ આપી જ દીધો છે. ઉજ્જૈનના મહાકાળેશ્વર શિવલિંગ પર કયું પાણી ચડાવવું તે અંગે પણ આદેશ આપી દીધો છે. સબરીમાલા અને જલ્લીકટ્ટુ પર પણ માનનીય સર્વોચ્ચો આદેશ આપી ચૂક્યા છે. આ વખતે પણ સર્વોચ્ચમાં દિવાળી પહેલાં, દિવાળી સંદર્ભે ફટાકડા અંગે યાચિકા થઈ ગઈ. જેમ મુસ્લિમોમાં, બકરા હલાલ કરાય, જેમાં એકથી વધુ ઘા મારી, તડપાવી તડપાવી મારવામાં આવે, તેમ સર્વોચ્ચે એકથી વધુ દિવસ, હેડલાઈનો અપાવી. એક વખત સરકારને ખખડાવી. એક વખત કહ્યું કે દર વર્ષે અમે આદેશ આપીએ છીએ તોય ફટાડકા કેમ ફોડાય છે? (એમ વાંચો કે દિવાળી કેમ મનાવાય છે?) એક દિવસે હેડલાઈન હતી કે એ વાત સાચી કે ફટાકડા એ હિન્દુ પરંપરા છે (રિલિજિયસ પ્રેક્ટિસ) પણ સાત અને આઠ નવેમ્બર બે જ દિવસે ફોડજો, બસ? જલસા કરો, હિન્દુડાઓ. અને હા, રાત્રે આઠથી દસ દરમિયાન જ ફોડજો.

કોઈ કેમ આ બધાંને નથી કહેતું કે હે સાહેબો ! ફટાકડા એટલા મોંઘા છે કે અમને તે ખરીદવા માંડમાંડ પોસાય છે કારણકે અમે મધ્યમ વર્ગીય હિન્દુઓ છીએ જેમણે ધર્મને પકડી રાખ્યો છે, બાકી ઉચ્ચ વર્ગ તો ફરવા ઉપડી જાય છે. તેને દિવાળી અને ક્રિસમસ બંને સમાન છે. તો થોડાઘણા ફટાકડા ખરીદી ફોડી આનંદ કરીએ છીએ તે પણ તમને ખૂંચે છે?

હિન્દુઓએ કેવી રીતે, કેટલા કલાક અને તે પણ કેટલા વાગે ફટાકડા ફોડવા એ પણ માનનીય સર્વોચ્ચો નક્કી કરે છે ! ફટ છે, હિન્દુઓ તમને. એક વાર તો શાંત પ્રદર્શન કરી કહો કે હે માનનીયો, અમે જ તમને કેમ ખૂંચીએ છીએ? શું ફટાકડાથી જ પ્રદૂષણ થાય છે? તો પછી ઘોર હિન્દુ વિરોધી લાહોરમાં એક્યૂઆઈ (હવાનો ગુણવત્તા આંક જે માત્ર દિવાળીના દિવસોમાં જ છાપામાં ને ટીવીમાં દેખાડાય છે) ૩૪૭થી ૩૬૮ કેમ થઈ જાય છે? અને આ પંજાબમાં આપ સરકાર પોલીસને કહી ખેડૂતો પાસે પરાળી સળગાવડાવે છે તેનાથી પ્રદૂષણ નથી થતું? બાંધકામ, ઔદ્યોગિક પ્રદૂષણથી તેમજ વાહનોના ઉત્સર્જનથી પ્રદૂષણ નથી થતું? દિવાળી પછી કેમ એક્યૂઆઈના આંકડા મીડિયામાં ટૉપ ફાઈવ હેડલાઈન નથી બનતા?

પ્રશ્ન તો એ પણ થાય કે મીડિયામાં 'દિવાળી પહેલાં જ પત્ની પ્રેમી સાથે ભાગી ગઈ', 'દિવાળીએ કપિલ શર્માના શૉમાં કિકુ શારદા અને સુનિલ ગ્રોવરને ભાયડાછાપ બાયડી બનેલી જોઈને એક દર્શકને હાર્ટ એટેક આવી ગયો' તેવી હેડલાઈન કેમ હોય છે? ઈદના દિવસે કે ક્રિસમસના દિવસે, અથવા તે અગાઉના દિવસે કોઈ ખરાબ ઘટનાઓ નથી બનતી? તેને કેમ તે તહેવાર સાથે સાંકળીને હેડિંગો નથી બનતાં? ક્રિસમસે જ દારૂ પીતાં નબીરા-નબીરીઓ પકડાયાં. ઈદ પર જ અબ્દુલે વકારને છરી ભોંકી દીધી.

ભાજપ સરકારો પણ દિવાળી બગાડવામાં પાછળ નથી. દિલ્લીમાં પ્રદૂષણ ઘટાડવા જેમની સામે નક્કર પગલાં ભરવા જોઈએ (ઉદ્યોગો અને બિલ્ડરો) તેમની સામે પગલાં ભરવાની 'ગ્રેપ' (દ્રાક્ષ) ખાટી લાગતાં, દિવાળી પહેલાં જ ભાજપ સરકારે 'ગ્રેપ' (ગ્રેડેડ રિસ્પોન્સ ઍક્શન પ્લાન) લાગુ કરી વૉટ બૅંક મધ્યમ વર્ગને 'હલાલ'નો 'ઝટકો' મારી દીધો ! પચાસ ટકાને કહ્યું, ઘરે બેસીને કામ કરો. જૂનાં વાહનો પર દિલ્લીમાં પ્રવેશવાની મનાઈ આપી દીધી અને પીયૂસી વગર પેટ્રોલ-ડીઝલ નહીં મળે. અને ભાજપના નિયંત્રણવાળા અમૂલે બરાબર દિવાળી પહેલાં ઘી અને બટરના ભાવ વધારી દીધા ! બટર તો અમારે અમારા નેતાઓને લગાડવું પડે એટલે મોંઘું કરવું પડે ને. અને ગાલના ગટિયા વધારવા હોય તો ઘી પણ અમારે 'ખાવું' પડે. એટલે હે હિન્દુડાઓ, અમને મત આપવાની કિંમત ચૂકવો.

અને હા, અમે 'કાઈન્ડ'માં (એટલે કે પૈસા સિવાયની રીતે) કિંમત ચૂકવીશું દિયા મિર્ઝા, 'ઑલ આઇઝ ઑન રફા' ટ્રેન્ડમાં ડાબેરીઓને સાથ આપનાર માધુરી દીક્ષિતને. તેમની પાસે વિડિયોમાં હિન્દુઓના આનંદના પર્વ દિવાળી વિશે 'સૂફીયાણી' (આમાં સૂફી શબ્દના બંને અર્થ અભિપ્રેત છે) સલાહ અપાવીશું કે હે હિન્દુઓ પ્રદૂષણ મુક્ત દિવાળી ઉજવજો. અહીં અમે એટલે ભાજપ શાસિત મુંબઈ મહાનગરપાલિકા. વિવાદ થશે એટલે દોષનો ટોપલો અધિકારીઓ પર ઢોળી દઈશું. મેયર રીતુ તાવડે ઉવાચ: "અમને તો પૂછ્યું જ નહોતું કે વિડિયોમાં કયા કલાકારોને લેવાના છે?" એ અલગ વાત છે કે આ જ બીએમસીના જૂન મહિનાના પર્યાવરણ દિવસના કાર્યક્રમમાં પણ મોંઘેરા મહેમાન તરીકે દિયા મિર્ઝા હાજર રહી હતી અને ભાજપના પદાધિકારીઓ પણ!

અહીં સર્વોચ્ચના બદલે ઉચ્ચ માનનીયો મેદાનમાં આવ્યા. મેયરે વિડિયો સૉશિયલ મીડિયામાંથી ઉતરાવી લીધો એટલે મુંબઈ ઉચ્ચ ન્યાયાલયના જજોએ આપમેળે સંજ્ઞાન લીધું ! કહ્યું કે ભારત સેક્યુલર દેશ છે, એટલે વિડિયો ફરીથી અપલૉડ કરી હિન્દુઓને દિવાળી પર દુ:ખ પહોંચાડો. ભારત સેક્યુલર દેશ હશે, પણ દિવાળી હિન્દુઓની છે, તેમાં ક્યાં સેક્યુલરિઝમ ઘૂસાડો છો, માનનીય સાહેબો !

અને આ ઉર્દૂવુડવાળા પણ પાછળ રહે ખરા? નીતેશ તિવારીની 'રામાયણ' બરાબર દિવાળી પહેલાં રિલીઝ થઈ છે. તેમાં પોતે 'ગો માંસ' ખાતો હોવાનું ગર્વ સાથે કહેતો રણબીર કપૂર શ્રી રામ બન્યો છે ! તો હિન્દુ વિરોધી, ફિલ્મમાં સોગિયા મોઢા અને તેજહીન સાઈ પલ્લવી કયા એંગલથી સીતા માતા લાગે છે ! બૉલિવૂડ કમ્યૂનલ (વાંચો હિન્દુવાદી) થઈ ગયું છે તેથી પોતાને કામ નથી મળતું તેવી 'રાવ' બીબીસી સમક્ષ કરનાર એ. આર. રહેમાને 'રામાયણ' જેવી બિગ બજેટ ફિલ્મ મળી તો તેમાં વેઠ ઉતારી છે. શ્રી રામ-સીતા મિલનના ગીતને સૂફી સ્પર્શ આપી દીધો છે.

દિવાળીની પ્રિન્ટ અને ટીવી જાહેરખબરો પણ જોજો. રીતસર સોગિયાં મોઢાં સાથે ચાંદલા વગરની બાઈઓ શોકના સફેદ કપડાંમાં અડધા ખુલ્લા શરીર સાથે ઘરેણાંથી સજ્જ હશે. દિવાળી પર સફેદ કપડાં પહેરવાનાં હોય? આદિત્ય બિડલા ગ્રૂપના ઇન્દ્રીય જ્વેલરીની ટીવી જાહેરખબર દિવાળીમાં વેલેન્ટાઇન્સ ડે જેવું ઘૂસાડવા માગે છે. ૨૦૨૪માં કાનપુરની આઈઆઈટીએ દિવાળી ઉજવણીને ઉર્દૂ નામ 'જશ્ન એ રોશની' આપી દીધું હતું !

રીલવાળીઓ 'રામાયણમાં ક્યાં ભગવાન રામ સફાઈ કરતા હતા? સીતામાતા ક્યાં વાસણ ઉટકવા બેઠાં હતાં? તેમ કહી દિવાળી અને રામાયણ બંનેની ઠઠ્ઠા મશ્કરી કરે છે.

ટૂંકમાં, દિવાળીમાં દિવાળીપણું ન રહેવું જોઈએ. પરંપરા છોડો, ચોકલેટ ખરીદો. કેક ખાવ. ટૂંકાં કપડાં પહેરો. અમારાં ઘરેણાં ખરીદો. દિવાળીએ વેલેન્ટાઇન ડે મનાવો. જૂનાં વાહનો ભંગારના ભાવે વેચી નાખો અને લાખો રૂપિયા ખર્ચી નવાં વાહનો લો અને અર્થતંત્રને ફૂલ ગુલાબી રાખો. ફટાકડા લગ્ન પર, ચૂંટણીમાં વિજયી ઉમેદવારના સમર્થનમાં, ૩૧ ડિસે.એ, ભારત પાકિસ્તાન સામે જીતે ત્યારે અડધી રાત્રે ફોડો પણ દિવાળીએ ન ફોડો. ઉર્દૂવુડ ઇચ્છે છે કે તમે દિવાળીએ ફટાકડા ન ફોડો પણ મોંઘી ટિકિટ લઈ અમારી ભંગાર રામાયણ ફિલ્મ જોઈને આગળની ખુરશી સાથે તમારું માથું જરૂર ફોડો. ■

jaywant.pandya@gmail.com

વિચાર વલોણું



જયવંત પંડ્યા

દિવાળી અને દેવદિવાળી વચ્ચે શું ફરક છે?

(૧)મનુષ્ય બળવાન હોય છે કે તેનો સમય?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
સમય બળવાન હોય છે ત્યારે મનુષ્ય બળવાન હોય છે અને મનુષ્ય બળવાન હોય છે ત્યારે એનો સમય બળવાન હોય છે.

(૨)ઘી અને સોડા એકસાથે પિવાય? - દર્શન પટેલ (વડોદરા)
એના કરતાં ઘિસોડાનું શાક ખાઈ લો!

(૩) આ વિચારને આવતા વિચાર આવતો હશે ખરો?
પુજા ગોંડલીયા (જસદણ)
વિચારીને કહું.

(૪)તમે મારા બે સવાલના જવાબ આપ્યા નથી તો મારે શું કરવાનું?
બાલુભાઈ કિકાણી (લીલિયામોટા)
મોટું મન રાખીને જતું કરવાનું!

(૫)દિવાળી અને દેવદિવાળી વચ્ચે શું ફરક છે?
ધોરાજીયા ઘનશ્યામ એન (સાજણટીંબા)
ઓગણીસ વીસનો.

(૬)ગરોળીનો પગ લપસે અને દીવાલ પરથી નીચે પડવાની જગ્યાએ ઉપર જાય તો ક્યો વૈજ્ઞાનીક નિયમ લાગુ પડે?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
યમનો નિયમ!

(૭)સાહેબ! કૂતરું બચકું ભરે તો ઈન્જેકશન લેવા પડે પણ પત્ની બચકું ભરે તો?
ધોરાજીયા ચંદ્રકાંત એન (સાજણટીંબા)
આવા મામલા ઘરમેળે પતાવવાની સલાહ છે.

(૮)દિવાળી પછી ધોકો કેમ આવતો હશે?
કટારીયા આશા હિમ્મતભાઈ (કીડી)
દર વખતે દિવાળી પછી નથી આવતો. ક્યારેક નવા વરસ પહેલાં પણ આવે છે.

(૯)પાડાના વાંકે પખાલીને ડામ એટલે શું?
હરપાલસિંહ જે. ઝાલા (ભોયકા તા.લીંબડી)
કોઈ જાણકાર પાડાને પૂછો.

(૧૦)આપણે આમલી ક્યારેય ખાધી જ ના હોય તો બીજાને આમલી ખાતા જોઈને આપણા મોઢામાં પાણી આવે?
કનુભાઈ પરમાર (દામનગર)
ન આવે. કારણ કે આપણે પાણી પીધું ન હોય તો મોઢામાં આમલી આવતી નથી!

(૧૧) દિવાળીમાં અમુક ફટાકડા સુરસુરિયું થઈ જાય છે, લેતાં પહેલાં કોઈ આઈડિયા આપો
ચિરાગકુમાર કનૈયાલાલ પંચાલ (મધવાસ જિ-મહીસાગર)
ફળ જેમ ચાખીચાખીને લો છો એમ ફટાકડા ફોડીફોડી ને લો.

(૧૨)દિવાળી અને દેવદિવાળી એમાં શું ફરક છે?
વનિતાબેન હરેશભાઈ કાવઠિયા(નવા ઉજળા)
દિવાળી એટલે સુરતથી ગામડે આવવાનો દિવસ, દેવદિવાળી એટલે ગામડેથી સુરત પાછા જવાનો દિવસ!

(૧૩)ધકેલ પંચા દોઢસો તો પછી ત્રીસ પંચા કેટલા?
હરિભાઈ ધોરાજિયા લીલિયા મોટા)
તમે એક કામ કરો. બજારમાંથી દેશી હિસાબની એક ચોપડી લઈ લો. એમાં બધું લખ્યું હશે.

(૧૪)દિવાળીના તહેવારે ઘરકામમાં જોતરાવું ના પડે એ માટે માર્ગદર્શન આપશો? - શંભુ ખાંટ અનિકેત (પાટ્યો અરવલ્લી)
અત્યારે હું સાફસફાઈમાં જોતરાયો હોવાથી માર્ગદર્શન નહી આપી શકું!

(૧૫)દિવાળીનું બોનસ ક્યારે મોકલવાના છો?
રાજુ એન. જોષી ધરાઈ (બાલમુકુંદ)
બોનસ માગીને મગજની નસ હલાવો મા! ■


નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..

હાસ્યાય નમ:



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

અસતો મા સદ્‌ગમય:, તમસો મા જ્યોતિર્ગમય:



તહેવારો રોજિંદી માનવજીવન ઘરેડમાં બદલાવ કે નિરાંતના દિવસો હોય છે. માણસ પોતાની રોજિંદી દિનચર્યામાંથી મુક્તિ પામીને આનંદમાં સમય પસાર કરે, ઉત્સવ એ ઘટના છે. આપણે વાંચતા લખતા આવ્યા છીએ કે ભારત ઉત્સવ પ્રિય પ્રજાનો દેશ છે. દેશના કોઈના કોઈ ખૂણે કોઈને કોઈ ઉત્સવ ચાલી જ રહ્યો હોય છે. ભાતીગળ સંસ્કૃતિ અને વિવિધતા આ શક્ય બનાવે છે. દરેક તહેવાર સાથે કોઈને કોઈ ધાર્મિક કથા, માન્યતા કે શ્રધ્ધા જોડાયેલ છે. ત્રેતા યુગમાં ભગવાન શ્રીરામનું લંકા વિજય બાદ અયોધ્યા આગમન, દ્વાપર યુગમાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા કે તેમની પત્ની સત્યભામા દ્વારા નરકાસૂર વધ, શીખોના છઠ્ઠા ગુરૂ હરગોવિન્દસિંહજી આ દિવસોમાં જહાગીરની કેદથી મુક્ત થઈને અમૃતસર પાછા ફર્યા હતા, જેને શીખ સંપ્રદાય બંદીછોડ દિવસ તરીકે ઉજવે છે. બલિરાજાના ભગવાન વિષ્ણુને પૃથ્વી દાન કરવા બદલ ભગવાને આપેલ વરદાન મુજબ દિવાળી ઉજવવામાં આવે છે. ભગવાન બુધ્ધના અનુયાયીઓ દ્વારા દીવડા પ્રગટાવીને આ દિવસોમાં ભગવાનનું સ્વાગત કરેલ, જૈન ધર્મ માં દિવાળી ભગવાન મહાવીરના નિર્વાણનું પ્રતિક છે. સમ્રાટ વિક્રમાદિત્યના રાજ્યાભિષેક જેવા પ્રસંગ સાથે દિવાળીના તહેવારનું મહાત્મય જોડાયેલું છે. એક કથા પ્રમાણે સમૃદ્ધિ અને ધનની દેવી માતા લક્ષ્મીના લગ્ન ભગવાન વિષ્ણુ સાથે થયા હતા. આથી ધનતેરસ અને દિવાળીના દિવસે લક્ષ્મી અને વિષ્ણુનું પૂજન કરવામાં આવે છે. એ સિવાય પણ ઘણા પ્રસંગો દિવાળી સાથે જોડાયેલા છે. પ્રાંત પ્રાંત અને પ્રજા પ્રજાની કથાઓ દિવાળી માટે અલગ છે. પણ મિજાજ એક છે, ઉત્સવ. પાંચ દિવસના આ તહેવારનો ઈતિહાસ હિન્દુસ્તાનનો દરેક માણસ જાણે છે. દરેકની ઉજવણીની માન્યતા કદાચ અલગ હોઈ શકે છે પણ ઉત્સવ એક જ છે. આ સમય દરમિયાન દેશના મોટાભાગના વિસ્તારોમાં લણણીની મોસમ પૂરી થઈ રહી હોય છે, કૃષિ ચક્ર મુજબ ખાતા બંધ કરવાનો સમય છે. થયેલ પાક બદલ અને આવનારા વર્ષ માટે સારા પાક બદલ પણ લક્ષ્મી પૂજા કરવામાં આવે છે. વેપારીઓ પણ પોતાના વાર્ષિક હિસાબો પતાવીને ચોપડાપૂજન કરે છે.

દિવાળીના તહેવારને અંધકારથી પ્રકાશ તરફ અને અસત્ય તરફથી સત્ય તરફ ગતિનું પર્વ માનવામાં આવે છે. માણસની પોતાની આંતરિક અને સમષ્ટિ એમ બંને આયામ પર અંધકાર અને અજ્ઞાનને દૂર કરીને પ્રકાશ અને જ્ઞાન તરફ ગતિના દિવસો છે. રાવણવધ બાદ રામનું અયોધ્યા આગમન એ અસૂરી શક્તિ પર વિજય બાદ ઘરના મોભીનું ઘરમાં આગમન છે. હિંદુ નવવર્ષના દિવસોમાં ગૃહિણીઓ ઘરની સાફસફાઈ કરે છે. ઘરના દરેક ખૂણેખાંચરેથી ધૂળ મેલને ઝાપટી કાઢવામાં આવે છે. એ પ્રતિક છે જીવનના દરેક આયામ પર સાફસફાઈ કરવાનું. આખું વર્ષ કામ કર્યા બાદ શરીર મનને તાજગી આપવાનું કામ ઉત્સવો કરે છે. આ પાંચ દિવસ એવા રહે છે કે જેમાં દરેક પરિવારની દિનચર્યા લગભગ સરખી રહે છે. પરિમાણ નાનું મોટું હોઈ શકે છે પરંતુ નાનો મોટો, ગરીબ તવંગર દરેક એક સરખા સમયકાળ પર એકસરખા ઉત્સાહથી ઉજવણી કરે છે. નાનામાં નાનો માણસ પણ પોતાની ક્ષમતા પ્રમાણે આ દિવસોની ઉજવણી કરે છે.

આ દિવસો ઘણા બધા પ્રતિક લઈને આવે છે. માનવ જીવનમાં સમયનો એક વર્ષનો નાનો કાલખંડ પૂરો થાય છે, એક નાનકડા આનંદપૂર્ણ સમય બાદ નવો સમય, નવી શરૂઆત થઈ રહી હોય છે. જુનું ભૂલીને કે જૂનામાંથી બોધપાઠ લઈને માણસ નવાની શરૂઆત કરે છે. આજના તણાવગ્રસ્ત સમયમાં જયારે માણસ રવિવારની પણ આતુરતાથી રાહ જોતો હોય ત્યારે દિવાળી જેવો એકાદ અઠવાડિયાનો તહેવાર માણસમાં નવી તાજગી અકે કામ કરવાની ઉર્જા જરૂર ભરી આપે છે. એક વર્ષ દરમિયાન થયેલ કાર્યો, મળેલ ઉપલબ્ધિઓ અને સફળતા નિષ્ફળતાઓ પર પાછું ફરીને જોઈ લેવું જોઈએ અને એ આકલન મુજબ ભવિષ્યનું આયોજન કરવું જોઈએ. દિવાળીનો સમય આ બાબત માટે શ્રેષ્ઠ છે. જુનું ભૂલી તેમાંથી લઈ શકાય એવો બોધપાઠ ગ્રહણ કરી નવાની શરૂઆત કરવાનો ઉત્તમ સમય છે. કારણ કે તમારી આસપાસનો મોટાભાગનો સમૂહ તેમ કરવા જઈ રહ્યો હોય છે. નવા સંકલ્પો લઈ આવનારો સમય બહેતર બનાવવાની કોશિષ શરુ કરવાનો સમય છે.


ક્વિક નોટ - દિવાળીનો સૌથી પ્રાચીન સંદર્ભ આચાર્ય જિનસેન લિખિત હરિવંશ-પુરાણમાં જોવા મળે છે. જે શબ્દ દિપાલિકાયા શબ્દ સાથે સંકળાયેલો છે.

"ततस्तुः लोकः प्रतिवर्षमादरत प्रसिध्धदीपलिकयात्र भारते समुद्यतः पूजयितुं जिनेश्वरं जिनेन्द्र-निर्वाण विभूति-भक्तिभाक"

અર્થાત આ પ્રસંગના માનમાં દેવતાઓએ પાવાપુરીને દીવડાઓના પ્રકાશથી ઝળહળાવી હતી. કારણ કે તે સમયે ભારતના લોકો ભગવાન મહાવીરના નિર્વાણ પ્રસંગે તેમની ભક્તિ માટે પ્રખ્યાત તહેવાર "દિપાલિકા"ની ઉજવણી કરી રહ્યા હતા. ■

production@infiniumpharmachem.com

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

ઉંબરની આ પાર....



અઠવાડિયાથી વરસી રહેલા વરસાદને કારણે અને મેઘરાજાની અવિરતધારથી ધરતી ચારેકોર હરીતવરણી બની ચૂકી હતી. કોઈ નવોઢા લીલા સાડલાના છેડાને પવનમાં લહેરાવતી હોય તેમ નીસરેલું ઘાસ હવામાં હીંચકો સહી રહ્યું હતું. પંદર દિવસ પહેલાં મેઘરાજાએ એકાદ અઠવાડિયા સુધી ધબધબાટી બોલાવી, દિવસ પૂરતો ઊઘાડ આપ્યો હતો. અને મોં માગ્યા વરસાદથી ખેડૂતનો તાત હરખાઈ ઊઠ્યો હતો.

પરંતુ, માત્ર ખેતરનો તાત જ શું? કુદરત પણ ખીલી ઊઠી હતી. નદીઓ કલકલ વહી રહી હતી. વૃક્ષો હરખાઈ રહ્યા હતા. ધરતી ગંધાઈ રહી હતી. પંખીઓ ગીતો ગાઈ રહ્યા હતા. મયૂર ટહૂકાર કરી રહ્યા હતા. અને આખો દિવસ સીમની વગડાની રોનક જોવા જેવી હતી.

છતાંય વિરહી હૃદય એવાં હતાં કે તેમને આવી મોસમ ખુશી નહીં પણ ઊંડી પીડા આપતી હતી.

રહેવાની વ્યથા આપતી હતી. પોતાના મનગમતા તથા મનના મંદિરમાં સ્થાપેલી મૂરતથી દૂર રહેવાની વેદના આપતી હતી.

શરીર પર કોઈ ઘા થાય તો દેખાય, પણ કાળજે કટારી વાગી જાય તો ઘાયલ માનવીનું શું?

ચોમાસાના શ્રાવણ માસે થઈને ચાલ્યા ગયા, પણ માન-તરડને દૂર કરવાનો મેળ ન જામ્યો.

ભરજુવાનીના ઉંબરે...

દીકરીને એમ તો થોડું અડાય? સંસ્કારની સાંકળમાં અને રીત-રિવાજની બેડીમાં...

...બંધાયેલી હોય છે. અને એ ઝંઝીર કે બેડીઓ ગુલાબી પવન થઈને મનને ભીતરથી કોરી નાખતી હોય ત્યારે, મનગમતું જો પોતાની પાસે ન હોય તો એનાથી મનની પીડા તો ભાંગી ન જાય, પણ તનની પીડાનું તે શું? અને એવે...

રેવતીના પાંચ-વીસ વર્ષના ભરજોબનથી સંગાથના રામરામ હૃદયમાં સમાઈ ગયા હતા. સાંભળનાર વગરની અબળાઓ વારંવાર હૂંડાડા મારી-મારીને ધસમસતી આવી પહોંચે છે. પણ... એકાંત અને યૌવન, વિરહ સહન કરી શકતાં નથી. અર્ધરાતનો સબરો, કોનો સથવારો? તનમન ઇચ્છે છે—

સોહાગની પ્રથમ રાત!

પરંતુ ઉંબરની આ પાર અંધિયાર-રાન છે. કેદી 'લગન' થયાં તે દી' 'સગન' ની ક્યાં ખબર પડતી હતી. ત્યારે દૂરના સાસરે, મામાની...

...છત તળે તે રહેતી.

રાતે ઉજાગરાના લાડવા, મેસૂબ અને ગોળદાણા જોઈને મોડી રાતે ટેમ્પામાં મામા સાથે ચાલી આવેલી. ઉંમરમાં મોટી ચાર બહેનોની ખબર પડવા બેઠી. અને ત્યારે જ એને કહેવામાં આવ્યું કે તારા વેવાઈ જોવા આવ્યા છે...

ત્યારે વીતેલા શ્રાવણના સાતમ-આઠમના તહેવારના દિવસોમાં વાયુની પેઠે પરવાર તેના ઘરને ઘેરેલો.

કાનજી! ફોઈની દીકરીએ ઓળખાણ કરાવેલી. તેના કાકાના દીકરાને!!

મિલન... માંડ પંદર-વીસ મિનિટનું!

એ મિલન... એમાં તો વાત જ શી! મૌન રહીને પહેલી વાર વાતો કરી. રેવતીના કાનજી...

હવે ક્યારે તેડાવે છે!!

"તારા આણાનું નક્કી કર્યું ત્યારે..."

"તને પહેલી વાર... ગળાના સમ, ધારી હતી એવી જ છો..."

"તે તું ક્યાં ઓછી છો! ધાર્યું હોત તો એની પૂછપરછ ચાલુ થઈ જાત...!!"

બસ... કોઈ જોઈ-જોઈને પંદર મિનિટમાં ખબર કરી ગઈ.

પંદર દી' પહેલાં જ મા-બાપુને કહેતી: "સાંભળો છો રવાના બાપુ— હા..હા.. બીજું કાંઈ નક્કી નથી થાતું, કાન સાબૂત છે."

"કાન સાબૂત રાખીને શું કરવું? ખિસ્સું સાબૂત રાખવું પડે."

"કાનજી...?"

"પંચાત કરતા એની છોડીનો વિચાર કરો. વય વધી ગઈ છે, ઓળખાય છે..."

"હા... ઓળખાય છે, દેખાય છે. એ બાબત વિચારતી નથી."

"મારે એને અત્યારથી સાસરામાં નથી ધકેલવી. બાપના રોટલા ખાય ત્યાં સુધી ખાવા દે. તારે તારું કામ બજાવી દેવું છે, દોસ્ત!"

"એમ નહીં બાપુ... તમે કંઈક વિચારો."

મા કંઈક બોલવા જતી હતી પણ બોલી ન શકી.

"મારે વિચાર કરવો નથી. સમય આવે તું પણ નહીં વિચારતી."

માનું મન દુભાયા કરે. 'મા' એ દુઃખ વેઠીને... અને પોતે વાડીએ ચાલતી થઈ.

સંસાર વાઢતાં વાઢતાં હાથ થાકી ગયો. ઉપવાસમાંથી આવતા મોરલીના સૂરે હૈયું આકુળ-વ્યાકુળ થઈ ઊઠ્યું.

'આ તે કોણ? મનને હેં મજબૂર કરી રહ્યું છે! હૈયે એવી કઈ ધૂન...'

એ ઊંચી થઈને જોઈ રહી. તો...

સામેની વાડીએ ખાટલાને પાયે ઢળંગાઈને વાઘજી વાંસળીના સૂર રેલાવી રહ્યો હતો.

સફેદ વાંસળી પકડીને, ઉપર ફેંટો બાંધી, ગુલાબી માથે લાલ વાયલનો ફટકો બાંધીને વાંસળીના સૂર રેલાવતો આખી સીમને મંત્રમુગ્ધ કરી રહ્યો હતો. એમાં રેવતી શાની બાકાત રહે!

હાથમાંથી દાતરડું છોડીને સામેની વાડીની માંયલી ઉઘાડીને વાઘજીની વાડીમાં પહોંચી.

"એય વાઘજી..." એ બંને હાથ ટેકવીને ઊભી રહેતી ટહુકી: "તારી વાંસળીના સૂર બહુ મીઠા, જાણે માધવની મોરલી! એલા વાઘજી, આવા સૂર ક્યાંથી શીખ્યો... બોલ તો ખરો..."

વાઘજી નમણું સ્મિત કરી બેઠો: "ઈ તો..."

"...તો મનની માનેલીના મનડેથી..."

"લે! ઈ વળી કોણ?"

"છે એક..." વાઘજી રેવતી સામું તાકીને કહે: "પણ નામ ન અપાય.. હોં કે!"

"છો ને ન અપાય. સાચું કહું, સાસુ-સસરો તો એવા તો તે રઝળ્યા, બપોરે ભાત દેવા તને માનતી ન હોય ઈ ય તને માનતી થઈ જાય.. એમાં હુંય આવી ગઈ છું કે વાઘજી! વાડીમાં હેયું ચોંટી ગયું..."

"એમ છે ત્યારે! મારી વાંસળી જ એવી મીઠી છે ને કે વગડામાંથી હમણાં હરણીય આવી પહોંચશે સમજ..."

"લે..." રેવતી નજીક સરતાં, એની આંખોમાં તાકતાં માદકતાથી બોલી: "વગડામાંથી તારા એરંડિયા ખાય કે ન ખાય, તારી સામેની વાડીમાંથી એક હરણી જરૂર આવી ચડી છે જાણી લે."

વાઘજી હસી પડ્યો: "તો ઈ જ છે મારી મનની માનેલી, ઉરના મંદિરમાં બેઠેલી મારી મૂરત!"

"વાઘજી..." રેવતીનો સ્વર લથડી ગયો... એ વાઘજીને વળગી પડી. વાઘજી પણ તેને બાહોંમાં વહેલી સવારે ભીંસી રહ્યો.

પછી તો બેય હૈયાં પરસ્પરની લાગણીને વાગોળી રહ્યાં. એક બાજુ રેવતી વાડીએ કામ કરતી હોય અને સામે વાઘજી વાંસળી વગાડતો હોય. માત્ર ત્યારે નજરો તાકી પરસ્પર ટકરાઈ જતી હોય...

બેય વચ્ચેનો પ્રેમ રાતે ન વધે એટલો દિવસે, ને દિવસે ન વધે એટલો રાતે રંગ લાવવા માંડ્યો.

રેવતી ખેતરે કોઈ ગાણું ગાતી અને પેલી તરફથી વાઘજી વાંસળીના સૂર રેલાવતો...

એક મનની મૂરત, એક સુંદર સૂરત. રસના ઘૂંટડા. એક ઝાડનું પાંદડું, એક ચંદનની ડાળખી...

આજે આ મોસમ અંગડાઈ લઈ રહી હતી અને વાડીના એકાંતે રેવતીને ચિંતામાં પોરવી દીધી. સૌ ખેડૂતો સાતમ-આઠમના પર્વમાં મન પરોવી રહ્યા હતા અને એ વિરહની આગ ભોગવી રહી હતી. આ અષાઢ પૂરો થઈ ગયો ને ખબર ન રહી!

ચોમાસાના શ્રાવણ બાદ માગશરની જુવાન રાત્રિઓ... ક્યાં ગાળવાની?...

એ વિચારતી હતી ત્યાં જ સામેની ઓરડી તરફ જોયું તો વાઘજી હતો! વાઘજીને જોઈને તેના હૈયાના મોર ટહૂકાર કરી રહ્યા.

"અરે... વાઘજી, તું?" એણે સાદ દીધો. વાઘજીએ પણ સામે સાદ દીધો: "અરે રેવતી, તું?"

"આવ ને વાઘજી..." રેવતીના સાદમાં અર્ધ ભયાનકતા પ્રવેશી.

"શું કામ છે રેવતી? ભાર ઊંચકાવવો છે?"

"ના ના... મશીનવાળી ઓરડીમાં મારો સાડલો સીવાઈ ગયો છે."

"ચાલ ને એમાં શું... તારા ભોળપણનું આમ કેમ?"

બંને ઓરડીમાં ગયા. ત્યાં કશું જ ન હતું.

"ચાલ, બતાવ ક્યાં સીવાયું છે..."

"આ પથારીમાં..." રેવતી અચાનક વાઘજીને બાથ ભરી ગઈ. વાઘજી બે કદમ પાછળ હઠ્યો. રેવતી બોલી:

"વાઘજી... પથારીમાં ખોવાઈ જવું છે, અને ઝૂમખું ખોઈ નાખવું છે.. તન્હા તન્હા તોખારને તબેલામાં બાંધી શકતી નથી અને મનના કોડ પૂરા થયા એમ નથી. આ વાંસળીના સૂર રેલાવવા કરતાં એકવાર ઉપર ખેંચીને મને એ વાંસળી બનાવી લે..."

વાઘજીના હૃદયમાં પણ ભરડો લેતી રેવતીના તનના ઉતાપને પામી જતાં વાઘજીએ કહ્યું: "રેવતી, સાબરના ગઢને ચડતાં વર્ષોના વર્ષો થાય છે, એને થોડી હવા મારે ગઢની એક કંકરી ખેરવી દે છે. હું તારા તનના ઉતાપને પામી શકું છું પણ એક પળ ખમી જા! આ પળ બે-પળ જ વસમી હોય છે ખમી જવા માટે! અને જોબન તો પાણીથી છલોછલ ભરેલા તળાવ જેવું છે. એમાં કરેલો એક કાંકરીચાળો કેટલાય વમળને જન્મ આપે છે. એ વમળ... પછી પાણીને સ્થિર નથી થવા દેતા. એ કાંકરીચાળો મને તો ઠીક પણ તને તો ભીતરથી ઉલેચી નાખશે. પછી જીવનમાં એ રૂપ પણ અણગમતું થઈ જશે. મારો સંગ, મારા તન-મનનો મિજાજ... અને પહેલી રાત તો કડવી ઝેર બની જશે."

"સાચવવાની છે આ કાયા... કાયા ઉપરથી સ્નેહ ઓછો થઈ જશે. હું તો પુરુષ છું, ભાગીને ચાલ્યો જઈશ. પણ તારી વાટ જોઈ જોઈને જે દુનિયા દિવસો કાપે છે એના માટે તારે અકબંધ રહેવાનું છે. કાયા તો કાચી માટીનો ઘડો છે. એ ફૂટે કે તરડાઈ જાય પછી શમણાંની તરસ ન બુઝાય. સમજી?"

રેવતીને સમજાવતાં વાઘજીએ કહ્યું: "આખી જિંદગી ડંખ્યા કરશે. તન-મનને કોરી ખાશે. એના કરતાં બહેતર છે... તન જેટલું તપાય એટલું ઉજળું થાય. હવે બસ... ચાર મહિના પૂરા થવા આવ્યા છે. થોડામાં ઘણું સમજી લે. આ પળ-બે પળની રમત જિંદગીભરની રમત ન બની જાય! પછી રાત..."

"...પછી રાતો સવાઈ થઈને આવશે..."

રેવતી પાછી પડી ગઈ અને ઘરે આવી.

ઘરે ડેલામાં પગ મૂકતી હતી ત્યાં જ મા દોડીને આવી.

"દીકરી! રંગાણાથી તારા સસરા આવ્યા છે!"

"શું?" રસોડામાં પ્રવેશતાં રેવતીના ગાલ પર હાથ મૂકતાં માએ કહ્યું:

"ઈ બધું પછી... પહેલાં તું લક્ષ્મીના ચાંદલા કર. તારા સસરા તને તેડવા આવ્યા છે. કહે છે કે આણાનો મોહ નથી. અટાણે વહુને મોકલી દો, સાજું-નરવું ભેગ થાય ત્યારે કરજો. અમારે ઈ લક્ષ્મીનો મોહ નથી, અમારા ઘરની લક્ષ્મીની જરૂર છે."

માના મુખેથી વાત સાંભળીને મનમાં ને મનમાં મલકી પડતી રેવતીના કાને એક કાને વાઘજીના વચન અને બીજા કાને વાંસળીના સૂર રેલાઈ રહ્યા...

-એક પળ... નો સવાલ હતો!

સેંજળના ઉંબરને એ પોતે વટાવી ગઈ. એ તો પરાગ બની ગયું...

કાળમાં પીડાના હથોડા સંભળાઈ રહ્યા હતા... બહાર તો ચોમાસું વરસી રહ્યું હતું.. ■

લઘુનવલકથા



યોગેશ પંડ્યા

આ તરફ સ્કૂલેથી ઘરે આવતાવેંત દામલ મહેશના મમ્મી-પપ્પાને મળ્યો



રાખનાં રમકડાં

ને શાંતું તો સ્કૂલે જવા માટે નીકળી ગઈ. નિશાળમાં પહોંચી વર્ગખંડમાં તેના રોજના નિયમ પ્રમાણે તે તો પાઠ ભણાવવાના કામમાં લાગી ગઈ. ભણાવતા ભણાવતા પણ મનમાં મનમાં તે ઈશ્વરને પ્રાથના કરતી હતી કે : મહેશને ખૂબ ઝડપથી સારું થઈ જાય...

આ તરફ સ્કૂલેથી ઘરે આવતાવેંત દામલ મહેશના મમ્મી-પપ્પાને મળ્યો. હાથ મેળવીને ખુશી વ્યક્ત કરી. મહેશના મમ્મીને હસતાં હસતાં નમસ્તે કર્યા. મહેશને અમારી ગેરહાજરીમાં અચાનક આવું થઈ જતા ખૂબ જ અફસોસ પણ વ્યક્ત કર્યો, પછી તો ઘણી ઘણી વાતો થતી રહી. છેવટે મહેશના પપ્પા બોલ્યા :

"દામલભાઈ..., આ મારો છોકરો જેટલો સીધો છે એટલો જ ખૂબ જિદ્દી પણ છે. સારું છે કે, આ ગામમાં તમારા જેવા સજ્જન માણસ મારા છોકરાને મળ્યા. આના માટે ખાસ આભાર તો મારે તમારા મિત્ર રામલાનો જ માનવો રહ્યો, તેણે જ ને તમારી ભલામણ કરેલી. આટલા દિવસો સુધી તમે મારા મહેશની નિસ્વાર્થ સંભાળ રાખી, ઘરની જ વ્યક્તિ હોય તેવી રીતે ખાવા-પીવાનું પણ તમે આપ્યું. અને બધું તેને રહેવા માટે રૂમ પણ તમે આપ્યો. અમારા પર તમે તો ખરેખર મોટામાં મોટો ઉપકાર કરયો છે..." મહેશના પપ્પા થોડીવાર અટક્યા પછી વળી આગળ બોલ્યા :



ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

"આમ જુઓ તો આ છોકરાએ તેના જિદ્દના કારણે જ આ મંત્રીની નોકરી સ્વીકારી છે. અમે તો બાળ ક્લાર્કની જેવી નોકરી કરવાની ના પાડી પાડીને થાકી ગયા. પરંતુ તેણે અમારું ન માન્યું તે ન જ માન્યું. આમ ઘરથી દૂર એકલા રહેવું અને ખોટા ઉજાગરા કરવાથી શું વળે ? પરંતુ તેણે તો નોકરી... નોકરી... ને નોકરી... બસ આ એક જ રટણ ચાલુ રાખ્યું. હવે જે થયું તે, આમાં કોઈનો દોષ નથી. શરીર છે એટલે રોગ તો આવે ને ચાલ્યો જાય. પરંતુ સારવાર કરવી તે ખૂબ અગત્યનું કામ છે. હું મારા મહેશને સારામાં સારા ડૉક્ટર પાસે લઈ જઈશ, ને સારવાર કરાવીશ. આવા દરદમાં વધારે મોડું ન કરાય. તો દામલભાઈ હવે અમે તમારી રજા લઈએ..." આટલું બોલતાંની સાથે તો મહેશના પપ્પા ઊભા થયા.

આદરભાવ સાથે દામલ પણ ઊભો થયો. બે હાથ જોડી દામલે છેલ્લે કહ્યું : "કંઈ જરૂર પડે તો મને કહેજો..."

મહેશના મમ્મી-પપ્પાએ મહેશને ઊઠવતી ટેકો કરયો તો પણ તે માંડ માંડ ઊભો થયો. પછી ધીમે ધીમે ડગલાં ભરી તે ગાડી પાસે પહોંચ્યો. દરવાજો ખોલી મહેશ ગાડીમાં પાછળની સીટમાં ગોઠવાઈ ગયો. ને પછી દામલે બે હાથ જોડી બધાંને વિદાય આપી.

હસતા મોઢે વિદાય આપવી એ સજ્જન માણસની સજ્જનતા છે. પરંતુ જ્યારે એ સ્કૂલેથી ઘરે આવ્યો અને સોફામાં બેઠેલા મહેશને જોતાં દામલ પણ સાથે જ ગંભીર બની ગયો હતો. ગંભીર બનવાના બે કારણ હતા. પરંતુ હવે તો એ બધાં ચાલ્યાં ગયાં હતાં, એટલે દામલના વિચારો અતિ વેગ પકડી આગળ ને આગળ ચાલવા જ લાગ્યા. એમાંનો એક વિચાર એવો હતો કે દામલ હચમચી ગયો.

એ વિચાર : દામલ સ્કૂલેથી આવ્યો ને સીધો જ બેઠકરૂમમાં જઈ મહેમાનને મળી એ પણ સોફામાં સામે બેઠો. એમ જ સામે સોફામાં બેઠેલા મહેશ સામે જોયું. તો અત્યારે મહેશના ચહેરા પર લાલી ઊપસેલી દેખાઈ આવી. તેના હોઠ પણ રાતા રાતા હતા. પરંતુ બધું જ પળે દામલ સુપ્ત થઈ ગયો. કારણ કે તેણે મહેશના ચહેરાને સાવ નજીકથી વાંચી લીધો. કંઈ નહીં તો પણ તેને મહેશના ચહેરામાં કોઈ બીજો ચહેરો મળી કે ભળી ગયો હોય તેવો ભાસ દામલને થયો.

કારણ કે દામલે બારીકાઈથી જોયું, જીવથી નીરખીને જોયું. એકવાર નહીં પરંતુ હજારોવાર જોયું. એટલે તો તેના વિશે તે વિસ્તૃત વિચારવા માંડ્યો. એમાં એવું હતું કે મહેશના ગરદન-ગળાની ડાબી બાજુ એક સરસ મજાનો લાલ ચોંહલો હજુપણ ચોંટેલો હતો. દામલે તેની સગ્ગ નજરે આ જોયું. પહેલાં તો તેને થયું કે આ ભ્રમ હશે. પરંતુ ના, એ ભ્રમ ન હતો, સાચે જ ત્યાં લાલ ચોંહલો ચોંટેલો હતો.ને પછી તો એ ચોંહલાને જોતાં દામલને અનેક વિચારો આવવા લાગ્યા. એમાં સાચા અને ખરાબ વિચારો પણ સામેલ હતા : (ક્રમશઃ) ■

નયી દુનિયા નયા કદમ : વિક્રમના નવા વરસમાં આશાઓનો દરિયો ડોલે છે....!



નૂતન વિક્રમ સંવંતનો સૂર્ય દૂર પૂર્વની ક્ષિતિજે ઉદયમાન થવાની તૈયારીમાં છે. સમગ્ર ભારતવર્ષમાં વિક્રમનું નવું વર્ષ એક મહાન લોકોત્સવ છે. હૃદયની ઉર્મિઓની અભિવ્યક્તિ અને શુભેચ્છાની આપ-લે થી પ્રાતઃકાળની શરૂઆત થાય છે. સંતાનો પોતાના માતા-પિતા અને વડીલોના ચરણમાં છુપાયેલા સ્વર્ગને સ્પર્શ કરે છે અને વડીલો પોતાની પછીની પેઢી પર શુભાશિષની અમૃતવર્ષા કરે છે. આ આપણી હજારો વર્ષ જૂની પરંપરા છે. કેટલાક બાહ્યાચાર બદલાયા છે અને ટેકનોલોજીએ આપણા માનવ સંબંધોમાં નવી રંગોળી પૂરી છે. તો પણ ભારતીય સંસ્કૃતિનો આત્મા હજુ એનો એ જ રહ્યો છે. વિક્રમનું વીતેલું વર્ષ વિવિધ દેશો વચ્ચેના યુધ્ધોન્માદ અને આર્થિક ઉથલ-પાથલમાંથી પસાર થયું. આમ તો છેલ્લા ત્રણ-ચાર વર્ષથી ભારતીય પ્રજા એક ન સમજાય તેવા મોંઘવારીયુક્ત સંકટમાંથી પસાર થઈ રહી છે. હજુ સુધી એમાંથી કોઈ એવો સ્પષ્ટ માર્ગ એને મળી આવ્યો નથી કે જે ચોક્કસ ઉજ્જવળ ભવિષ્ય તરફ લઈ જાય. દર વરસે દુનિયા બદલાઈ જાય છે. અને તોય આશા અમર રહે છે.હજુય આર્થિક બાબતોમાં ભવિષ્ય પરત્વે લોકમાનસમાં ધુમ્મસ છવાયેલું છે. આ પરિસ્થિતિ વચ્ચે ગત ચોમાસામાં મેઘરાજાએ રાજાઓના રાજા તરીકેની ભૂમિકા અદા કરીને અનવરત વરસાદ ભારત પર વરસાવ્યો છે. એ વરસાદ આપણા આજથી શરૂ થતાં આખા વરસનું પ્રાણતત્ત્વ છે. હજુ ખરીફ પાક ખેતરથી ખળા સુધી આવવાને થોડીક વાર છે અને હેમંત ઋતુના પવનમાં રવિપાકની મોસમનો આ વરસે વિલંબિત શુભારંભ થશે. શિયાળાના પવનની શરૂઆત થઈ ગઈ છે. મંદ મંદ સમીર વહેતો થયો છે. વહેલી સવારની ખુશનુમા આબોહવામાં આહલાદક શીતળતા છવાયેલી છે. ચોમાસામાં જે સારો વરસાદ થયો એને કારણે ક્યાંક અતિવૃષ્ટિ પણ થઈ, પરંતુ રાષ્ટ્રીય સરેરાશ જુઓ તો છેલ્લા ચોમાસાનો વરસાદ એક ચમત્કાર જ છે. કારણ કે તમામ નદીઓ, તળાવો અને ડેમ છલકાઈ ગયા છે. ઉપરાંત ભૂગર્ભના જળ પણ ઘણાં ઊંચે આવી ગયા છે. વસુંધરા મેઘજળથી પરિતૃપ્ત થઈ છે. એની અસર આવનારી રવિ મોસમ પર સકારાત્મક રહેશે. ખરીફ પાક બજારમાં આવશે અને એમાંથી જે આવક થશે એ ખેડૂતો માટે પાછલી બાકીની પરિપૂર્તિ કરવામાં અને જૂના ખર્ચના ખાડાઓને પૂરવામાં વપરાઈ જશે. ઘણા બધા ખેડૂતો આ વખતે લીલા દુષ્કાળનો અનુભવ કરી રહ્યા છે. તેમ છતાં જેમને સમયસરનો સપ્રમાણ વરસાદ મળ્યો છે તેઓના દ્વારા ચોમાસાના સારા કૃષિલક્ષી પરિણામરૂપે બજારમાં નવો રૂપિયો ફરતો થશે. વળી એના પછીની રવિપાકની જે મોસમ આવશે એની ફળશ્રુતિ રૂપે પ્રાપ્ત ધન અને ધાન્યને કારણે ભારતીય બજાર અણધારી ઊંચકાશે. અત્યારે દેશમાં સરકાર નથી સ્વીકારતી એવી મંદી અસ્તિત્વ ધરાવે છે એ એક હકીકત છે. પરંતુ એનો આધાર લઈને કેટલાક લોકો જાણે કે ભારત દસ વરસની ઘોર મંદીમાં ધકેલાઈ જવાનું હોય એવા કોષ્ટકો લઈને મીડિયામાં ફરી રહ્યા છે તે તો અતિશયોક્તિ છે અને અમુક હદે હાસ્યાસ્પદ પણ છે. ભારત એવી કોઈ ગહનગર્તામાં સપડાયું નથી. કારણ સ્પષ્ટ છે કે ભારત વિશ્વના નકશામાં એક કન્ઝ્યુમર કન્ટ્રી છે. આપણી આટલી વિરાટ જનસંખ્યા માટે એની મુખ્ય જીવનધારા નિભાવવા ચીજવસ્તુઓની ખરીદી અને વેચાણ અનિવાર્ય છે. એને કારણે ઉત્પાદન પ્રક્રિયા પણ અનિવાર્ય છે અને એ જ કારણસર દેશના અર્થતંત્રનું ગતિમાન રહેવું પણ સ્વાભાવિક છે. આ પરિસ્થિતિમાં વરસાદે જે કમાલ કરી છે તે આ કારતકથી શરૂ થયેલા નવા વરસના છએક મહિના પછી પોતાનો અસલી રંગ બજારમાં બતાવશે. એને કારણે ભારતીય બજારોમાં પૂર્ણતઃ તેજી આવવાની સંભાવના છે. ભારતમાં વિવિધ સરકારોએ અગાઉ ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને ચીન, અમેરિકા, ફ્રાન્સ અને સ્પેનની જેમ દેશને ઔદ્યોગિક ઉત્ક્રાંતિવાદ તરફ લઈ જવાનો જબરજસ્ત પ્રયત્ન વારંવાર કર્યો છે તો પણ ભારતના અર્થતંત્રની મુખ્ય આધારશીલા હજુ સુધી ઉદ્યોગો બની શક્યા નથી. ઉદ્યોગો માત્ર અર્થતંત્રમાં સહાયક ભૂમિકા જ નિભાવતા રહ્યા છે. આજે પણ ભારતનું કૃષિક્ષેત્ર જ અર્થતંત્રની મુખ્ય કરોડરજ્જુ છે. ખેડૂતો અને પ્રકૃતિ તથા ખેડૂતોની પોતાની પ્રકૃતિ - એમ ઘણું બધું બદલાયું છે. જમીન માલિકો બધા જ ખેડૂતો નથી. મોટાભાગના ખેતીના વહીવટદારો છે એટલે કે ખોટા ખેડૂતો છે અને ખેતી તો દિવસ-રાત મહેનત કરતા ખેતમજૂરોના હાથમાં જતી રહી છે. તો પણ ભારતમાં ખેતી પરંપરાગત રીતે અને સમજણપૂર્વક થાય છે. ભલે ખેતીનું પૂર્ણતઃ આધુનિકરણ ન થયું હોય અને જમીન માલિકોની નવી પેઢી ખેતીથી વિમુખ હોય તો પણ જે રીતે ખેતી કરવામાં આવે છે તે રીત હજારો વર્ષોના અનુભવ પછી નીપજેલી પ્રણાલિકા પ્રમાણેની છે. વિક્રમનું નવું વર્ષ ભારત માટે વ્યાપાર, વાણિજ્ય, સાર્વત્રિક વિકાસ, જનારોગ્ય અને સરહદી સમસ્યાઓના સંદર્ભમાં મહત્ત્વનું છે. આ એક એવું વરસ શરૂ થયું છે જેમાં નેતાઓની, પ્રજાની અને બુદ્ધિમાન ગણાતા સરકારના પ્રતિનિધિ જેવા વરિષ્ઠ અધિકારીઓની ખરેખરી કસોટી છે. ભારતીય પ્રજા એક શ્રધ્ધાવાન પ્રજા છે. એના હૃદયમાં ઊંડે ઊંડે સાત્વિકતા, પરોપકાર અને ધર્મપ્રિયતા છે. દેશના કેટલાક રાજપુરુષો પ્રજાની લાગણી સાથે ક્યારેક રમત રમે છે અને જનજીવન ડહોળે છે. એના ઉદાહરણો એક શોધવા જતા અનેક મળે તેમ છે. તો પણ ભારતીય પ્રજાના અંતઃકરણના જળ હજુ એવાને એવા જ નિર્મળ, વિશુધ્ધ અને આછરેલા છે. ભીતરના જળ હજુ ડહોળાયા નથી અને એ જ સમગ્ર ભારતની રાષ્ટ્ર તરીકેની સૌથી મોટી તાકાત છે, જેની ઈર્ષા આપણા પાડોશીઓ અને દુનિયાના અનેક દેશો નિરંતર કરી રહ્યા છે. વિક્રમનું નવું વર્ષ પ્રજા માટે અનેક અમર આશાઓ લઈને પ્રગટ થઈ રહ્યું છે, પ્રજા એને સ્વયં પરત્વેના આત્મવિશ્વાસ અને રાષ્ટ્ર તરફના વિશ્વાસથી આવકારશે. ■

સમ્મરંગ

દિલીપ ભટ્ટાચાર્ય

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

માળીલા ગામે શિવ અને રામ મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

અઢારેય વરણને સાથે રાખવાની પરંપરા ઉજાગર કરી: મોરારી બાપુએ કહ્યું, માળીલા ગામને ધનતેરસ ફળી



અમરેલી, તા. ૦૭

સમસ્ત માળીલા ગામ દ્વારા શિવ મંદિર અને રામ મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવપૂર્વક યોજાયો હતો. આ પ્રસંગે યોજાયેલી ધર્મસભામાં સંતો, મહંતો, રાજકીય આગેવાનો અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ધર્મસભાને સંબોધતા પૂ. મોરારી બાપુએ જણાવ્યું હતું કે માળીલા ગામને ધનતેરસ ફળી છે. મંદિરની ધજા ફરકતી રહેવી જોઈએ, ફફડતી નહીં. માળીલા ગામે ધજાને ફરકતી રાખવાનું કાર્ય કર્યું છે, તેનો રાજીપો છે. મંદિરમાં પૂજારી તો પૂજા કરે જ, પરંતુ આખું ગામ પૂજારી બનીને નિયમિત મંદિરે દર્શન કરવા જવાની ટેક લેવી જોઈએ, કારણ કે આ સનાતન ધર્મ છે. દાનમહારાજ જે ગામનું તોરણ બાંધે, તે ગામ પવિત્ર હોય જ. આજે ગામનું અઢારેય વરણ યજ્ઞમાં બેસીને આહુતિ આપે છે, એટલે માળીલા ગામ દિવ્ય અને ભવ્ય બન્યું છે, જેને વર્ણવવા માટે મારી પાસે શબ્દો નથી, એમ પૂ. બાપુએ ભાવપૂર્ણ રીતે જણાવ્યું હતું. પૂ. વલકુ બાપુએ જણાવ્યું હતું કે સંતો સમાજ માટે ભેરુ છે. આખા માળીલા ગામ પર દાનમહારાજની કૃપા છે. સંતો સમાજની નિરંતર સાથે રહે છે અને સુખદુ:ખમાં ભાગ લે છે. આ ગામની પરંપરાને વંદન છે. ધર્મસભામાં શબ્દોથી સ્વાગત કરતા દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે ગામના નિમંત્રણને માન આપીને પધારેલા સૌ સંતોના ચરણોમાં વંદન સાથે સ્વાગત કરું છું. આ ગામને સંતોના આશીર્વાદ સતત મળતા રહે તેવી પ્રાર્થના સાથે પધારેલા સૌ ગ્રામજનો અને મહાનુભાવોનું પણ સ્વાગત કરું છું. રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે ખેતીની દરેક ઉપજ મંદિરમાં ધરવામાં આવતી, આ પરંપરા અહીં જોવા મળી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે દિલીપભાઈ સંઘાણી મંદિર નિર્માણનું માધ્યમ બન્યા છે. પૂજારી માટે નિવાસસ્થાન બનાવી આપી, ફીક્સ ડીપોઝીટના વ્યાજની રકમ દ્વારા પૂજારીને માસિક આવકની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઘટનાને હિન્દુસ્તાનની પ્રથમ ઘટના ગણી શકાય, જે નોંધનીય બાબત છે. ધર્મસભામાં પૂ. શેરનાથ બાપુ (જૂનાગઢ), પૂ. વિજય બાપુ (સતાધાર), પૂ. ભક્તિરામ બાપુ (ફતેપુર) અને પૂ. ભક્તિરામ બાપુ (સાવરકુંડલા) ઉપરાંત સાંસદ ભરતભાઈ સુતરીયા, ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરીયા, જે.વી. કાકડીયા, મુકેશભાઈ સંઘાણી, જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, આનંદગીરી બાપુ, ઈફકોના એમ.ડી. કે.જે. પટેલ, પૂર્વ એમ.ડી. યુ.એસ. અવસ્થિ, યોગેન્દ્રકુમાર, રામબાપુ વાળા, પી.કે. સિંધ, દિનેશભાઈ સુથાર અને નિગમભાઈ ગજેરા સહિત વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.ધર્મસભાનું સંચાલન મહેશભાઈ ગઢવીએ કર્યું હતું, જ્યારે આભારવિધિ અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાએ કરી હતી. કાર્યક્રમની પૂર્વ સંધ્યાએ લોકસાહિત્યકાર માયાભાઈ આહિર, મનસુખભાઈ વસોયા અને અલ્પાબેન પટેલ સહિતના કલાકારોએ ડાયરાની રમઝટ બોલાવી હતી.

અમરેલીમાં રૂ. ૧૫ કરોડના ખર્ચે અદ્યતન ટાઉનહોલ બનાવવાની સૈધ્ધાંતિક મંજૂરી

અમરેલી,તા.૦૭

અમરેલી શહેરના વિકાસમાં વધુ એક મહત્ત્વપૂર્ણ સુવિધાનો ઉમેરો થવા જઈ રહ્યો છે. શહેરમાં આશરે રૂ. ૧૫ કરોડના ખર્ચે અદ્યતન ટાઉનહોલના નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. રાજ્યના ઉર્જામંત્રી અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાના પ્રયાસોના પરિણામે આ મંજૂરી મળતાં શહેરીજનોમાં આનંદની લાગણી પ્રસરી છે. અમરેલી શહેરમાં શાંતાબા મેડિકલ કોલેજની સામે પોલીટેકનીકલ મેદાનમાં આ અદ્યતન ટાઉનહોલનું નિર્માણ કરવામાં આવશે. આ ટાઉનહોલ બનવાથી શહેરના નાગરિકોને સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને જાહેર કાર્યક્રમો માટે



સુવિધાસભર સ્થળ ઉપલબ્ધ થશે. શહેરમાં લાંબા સમયથી આધુનિક સુવિધાઓ ધરાવતા ટાઉનહોલની જરૂરિયાત અનુભવાતી હતી, ત્યારે રાજ્ય સરકારની સૈધ્ધાંતિક મંજૂરીથી આ દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું ભરાયું છે. આગામી સમયમાં ટાઉનહોલના નિર્માણની કામગીરી આગળ વધશે અને અમરેલીના શહેરી વિકાસને નવી દિશા મળશે તેવી આશા વ્યક્ત થઈ રહી છે.

રાજ્ય ઉર્જામંત્રી કૌશિક વેકરિયાના પ્રયાસોથી શાંતાબા મેડિકલ કોલેજ સામે બનશે સુવિધાસભર ટાઉનહોલ

ગુજરાતમાં ઠંડીની ધીમી શરૂઆત: ૬ જિલ્લામાં રાત્રે પારો ૨૦ ડિગ્રીથી નીચે, અમદાવાદમાં દિવસે ૩૬ ડિગ્રી ગરમી

અમદાવાદ,તા.૦૭



ગુજરાતમાં નવેમ્બર મહિનાની શરૂઆત સાથે જ ઠંડીની ધીમી શરૂઆત થઈ છે. રાજ્યના છ જિલ્લામાં લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે નોંધાતા વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે. જોકે, દિવસ દરમિયાન તડકો અને ગરમી યથાવત રહેતા લોકોને બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. અમદાવાદમાં શુક્રવારે મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૦.૨ ડિગ્રી રહ્યું હતું. રાજ્યમાં વડોદરામાં સૌથી ઓછું ૧૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. નલિયામાં ૧૭.૨, અમરેલીમાં ૧૭.૮, મહુવામાં ૧૮.૫, રાજકોટમાં ૧૮.૬ અને ગાંધીનગરમાં ૧૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાનની હાલની સ્થિતિ પ્રમાણે આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં મોટો ફેરફાર થવાની શક્યતા નથી.

ઉનાના ચીખલીમાં પેટ્રોલના કેનમાં બ્લાસ્ટ થતાં એક જ પરિવારના ચાર સભ્યો દાઝયા

ઉના, તા.૦૭

ઉના તાલુકાના ચીખલી ગામે પેટ્રોલના કેનમાં બ્લાસ્ટ થતાં એક જ પરિવારના ચાર સભ્યો દાઝી ગયા હતા. મળતી માહિતી મુજબ, દિનેશભાઈ ઉર્ફે બિજલભાઈ ચોહાણની પુત્રી દર્શનાબેન ઘરની ઓસરીમાં બાઈકમાં પેટ્રોલ ભરી રહી હતી. આ દરમિયાન પેટ્રોલ દિવાળીના દીવા પર પડતાં આગ લાગી હતી. નજીકમાં રાખેલા અંદાજે ૨૦ લીટર પેટ્રોલ ભરેલા કેનમાં અચાનક બ્લાસ્ટ થતાં આગ ઘરમાં ફેલાઈ હતી. રૂમમાં રહેલો બે વર્ષનો દક્ષ આગની


તસવીર : કૈલાશ ભટ્ટ

લપેટમાં આવી ગયો હતો. પુત્રને બચાવવા દિનેશભાઈ અને સમજુબેન પણ આગમાં દોડી જતાં પરિવારના ચારેય સભ્યો દાઝ્યા હતા. તમામને ઉના સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. પિતા-પુત્રની હાલત ગંભીર હોવાથી ભાવનગર ખસેડાયા છે. આગમાં ઘરવખરીને પણ નુકસાન થયું હતું.

:: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

(૧) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ઈંગોરાળા ગામે ખેડુત ખાતા નં-૭૭૫ ની ખેતીના માલીકશ્રી પ્રવિણભાઈ ગણેશભાઈ વેકરીયા ના સ્વતંત્ર નામે સ.નં-૧૬૬ (જુનો સ.નં-૬/૨), ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧-૮૬-૪૩, આકાર-૧૩.૦૫ વાળી ખેતીની જમીન આવેલ છે.

(૨) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ઈંગોરાળા ગામે ખેડુત ખાતા નં-૭૬૫ ની ખેતીના માલીકોશ્રી પ્રવિણભાઈ ગણેશભાઈ વેકરીયા, ભાવનાબેન પ્રવિણભાઈ વેકરીયા, હર્ષ પ્રવિણભાઈ વેકરીયા ના સંયુકત નામે સ.નં-૧૬૪ (જુનો સ.નં-૬/૩ પૈકી ૧), ક્ષેત્ર.હે. આરે.ચોમી. ૧-૪૧–૩૪, આકાર-૯.૯૫ વાળી ખેતીની જમીન આવેલ છે. સદરહુ જમીનના ૭/૧૨ માં આર.બી.એલ. ખંભાળા શાખાના રૂા.૬,૩૮, ૧૦૪/- ના તારણમાં બોજો નોંધાયેલ છે. અને તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈને બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

(૩) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ઈંગોરાળા ગામે ખેડુત ખાતા નં-૧૪૪ ની ખેતીના માલીકશ્રી શીરોયા મનુભાઈ પ્રેમજીભાઈ તથા શિરોયા દેવચંદભાઈ પ્રેમજીભાઈ ના સંયુક્ત નામે સ.નં-૧૬૫ (જુનો સ.નં-૬/૧), ક્ષેત્ર.હે. આરે.ચોમી.૨–૦૧–૩૨, આકાર-૧૪.૧૦ વાળી ખેતીની જમીન આવેલ છે. સદરહુ જમીન માલિકો પાસેથી પ્રવિણભાઈ ગણેશભાઈ વેકરીયા એ રજિ.વે.દ.નં-૪૩૮/૨૦૨૬, તા. ૧૫/૦૫/૨૦૨૬ થી વેચાણ રાખેલ છે, તથા તેની હકપત્રકે નોંધ નં-૨૮૬૬ થી પડેલ છે. અને આ નોંધ નામંજુર થયેલ છે.

(૪) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ઈંગોરાળા ગામે ખેડુત ખાતા નં-૧૫૬ ની ખેતીના માલીકશ્રી શીરોયા પરશોતમભાઈ જાગાભાઈ, મુકતાબેન પરશોતમભાઈ શિરોયા, વસંતબેન પરશોતમભાઈ શિરોયા, અશ્વિનભાઈ પરશોતમભાઈ શિરોયા, શોભનાબેન પરશોતમભાઈ શિરોયા, નરેશભાઈ પરશોતમભાઈ શિરોયા ના સંયુક્ત નામે સ.નં-૧૬૩ (જુનો સ.નં-૬/૩), ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧-૦૫-૨૭, આકાર-૭.૩૦ વાળી ખેતીની જમીન આવેલ છે. સદરહુ જમીનના ૭/૧૨ માં ઈંગોરાળા ખે.વી.કા.સ.મં.લી. ના અંકે રૂા.૧૦,૦૦,૦૦/- ના તારણમાં બોજો નોંધાયેલ છે. અને તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીર, હક નોંધાયેલ નથી. તેમજ સદરહુ જમીન માલીકો પાસેથી પ્રવિણભાઈ ગણેશભાઈ વેકરીયા એ રજિ.વે.દ.નં-૧૮૦/૨૦૨૬, તા.૦૨/૦૩/૨૦૨૬ થી વેચાણ રાખેલ છે, તથા તેની હકપત્રકે નોંધ નં-૨૮૪૪ થી પડેલ છે. અને આ નોંધ નામંજુર થયેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ (ત્રીસ) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૩૦ (ત્રીસ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૭/૧૧/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪

અમેરિકાની સરહદે પકડાયેલા લોકોમાં ભારતીયો ત્રીજા ક્રમે, ગુજરાતીઓની સંખ્યામાં વધારો

અમદાવાદ, તા.૦૭

અમેરિકામાં ગેરકાયદે પ્રવેશના પ્રયાસોમાં ભારતીયો વિશ્વમાં ત્રીજા ક્રમે છે. વર્ષ ૨૦૨૬માં ૨૯,૮૧૮ ભારતીયો પકડાયા છે, જેમાં ગુજરાત અને પંજાબના લોકોની સંખ્યા વધુ છે. ટ્રમ્પ સરકારની કડક નીતિને કારણે ધરપકડમાં ઘટાડો થયો છે. વર્ષ ૨૦૨૪માં ૯૦,૪૧૫ ભારતીયો પકડાયા હતા. જોખમ છતાં લોકો લાખો રૂપિયા ખર્ચીને અમેરિકા જવાના પ્રયાસો કરી રહ્યા છે.

મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા
રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૧૦૩/૨૦૨૬

અરજદારશ્રી:- ગજેરા શૈલેશભાઈ બાલુભાઈ,
રે.એ ૧/૨૦૩, સૌરાસ્ટ્ર ટાઉનશીપ ૦૫ લસકાણા,સુરત
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. તકમશ્રી વંડા તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદીશ્રી પાર્વતીબેન પોપટભાઈ ગજેરાનુ મરણ તા.૦૯/૧૦/૧૯૯૬ ના રોજ મુ-વંડા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા. ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય ,અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા
રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૪૯/૨૦૨૬ તા.૦૪/૧૧/૨૦૨૬

અરજદારશ્રી:- મોઘીબેન ભીખાભાઈ ચોવટીયા
રહે.૨૮ રામજી મંદિર ચોક, તા.મહુવા જી.ભાવનગર
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી જુના સાવર, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી ચંદ્રિકાબેન ભીખાભાઈ ચોવટીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૯ ના રોજ મુ.જુના સાવર તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય , અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા
રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૮૩/૨૦૨૬

અરજદારશ્રી:- રામભાઈ વાલાભાઈ ભાલીયા,
રે.આદસંગ તા.સાવરકુંડલા જી.અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. તકમશ્રી આદસંગ તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતાશ્રી મણીબેન વાલાભાઈ ભાલીયાનુ મરણ તા. ૧૦/૦૪/૧૯૮૮ ના રોજ મુ.આદસંગ તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા. ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય , અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ 'અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા
રૂબરૂ સુનાવણી નોટીસ

નં. મરણ નોંધણી/અરજી નં.૧૦૭/૨૦૨૬

અરજદારશ્રી:- દુલાભાઈ મેઘજીભાઈ ગજેરા,
રે.વંડા તા.સાવરકુંડલા જી.અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. તકમશ્રી વંડા તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતાશ્રી મેઘજીભાઈ મુળજીભાઈ ગજેરાનુ મરણ તા.૨૧/૧૧/૧૯૯૨ ના રોજ મુ.વંડા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય , અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા
રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૮૦/૨૦૨૬

અરજદારશ્રી:- મંગાભાઈ ગોકળભાઈ રાતડીયા,
રે.નાના ભમોદ્રા તા.સાવરકુંડલા જી.અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. તકમશ્રી નાના ભમોદ્રા તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતાશ્રી મણીબેન ગોકળભાઈ રાતડીયાનુ મરણ તા.૨૮/૧૧/૨૦૦૨ ના રોજ મુ.નાના ભમોદ્રા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઇ આધાર-પુરાવા રજુ કરવાના હોય , અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા
રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં ૪૧૮/૨૦૨૬ તા.૦૪/૧૧/૨૦૨૬

અરજદારશ્રી:- શ્રુતી જયંતી કોળી
રહે.બી ૬,૩૦૩, ત્રીજોમાળ,આંબેડકર નગર, એસ.કે.રાઠોડ માર્ગ, મુંબઈ
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. જન્મ - મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી સાવરકુંડલા,
તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી શ્રુતી જયંતી કોળીનો જન્મ તા.૧૨/૦૬/૨૦૦૧ ના રોજ મુ. તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા / ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા..૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા
રૂબરૂ સુનાવણી નોટીસ

નં જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૭૫/૨૦૨૬ તા.૦૪/૧૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. દિનેશભાઈ વલ્લભભાઈ અમરેલીયા
રહે.બી૪૪, સિધ્ધાર્થ નગર, સીમાડા ગામ,વાલમ નગર પાસે સુરત
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી બોરાળા, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી દિનેશભાઈ વલ્લભભાઈ અમરેલીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૪ ના રોજ મુ.બોરાળા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

सत्यमेव जयते
ગુજરાત સરકાર

દિવાળી
અને
નૂતનવર્ષની
શુભકામનાઓ

વિકસિત ગુજરાતથી
વિકસિત ભારત



હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી



પ્રગતિનું પંચામૃત

ખેડૂત કલ્યાણ
અન્નદાતાની મહેનતને મળ્યો ટેક્નોલોજીનો સાથ: i-Khedut 2.0 પોર્ટલ, 'કૃષિ પ્રગતિ' ઍપ અને AI ચેટબોટ દ્વારા ખેતીમાં ડિજિટલ ક્રાંતિ

આરોગ્ય સુવિધા
જન-જનને મળશે શ્રેષ્ઠ સારવાર: ₹૧૦ લાખના સુરક્ષા કવચ અને આધુનિક હૉસ્પિટલોથી સક્ષમ બનતું ગુજરાત

વિકાસના માર્ગે યુવાધન
- યુવાઓને મળ્યો ટેકનોલોજીનો સાથ: સેમિકંડક્ટર હબ અને ડેટા સેન્ટર પૉલીસીથી નવી ટેક-ક્રાંતિનું કેન્દ્ર બન્યું ગુજરાત
- સ્પોર્ટ્સ ક્ષેત્રે અગ્રેસર ગુજરાત: વૈશ્વિક કક્ષાના સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર થકી કૉમનવેલ્થ માટે સજ્જ ગુજરાત

શિક્ષિત ગુજરાત
નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન યોજનાથી રાજ્યના વિદ્યાર્થીઓનું ભવિષ્ય બનશે ઉજ્જ્વળ

મહિલા સ્વાવલંબન
સુરક્ષિત અને સ્વાવલંબી નારી: સ્વ-સહાય જૂથો અને આત્મનિર્ભરતા દ્વારા આર્થિક રીતે પગભર બનતી રાજ્યની 'લખપતિ દીદીઓ'

"આ દિવાળીએ સ્વદેશીનો દીપ પ્રગટાવી, આત્મનિર્ભર ભારતનો સંકલ્પ સાકાર કરીએ અને વિકસિત ગુજરાતની નવી રોશની ફેલાવીએ."
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત